જુનામાં જુનુ એટલે... ઇબ્રાહીમભાઇનું
ઝનકાર બ્રાસ બેન્ડ
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૧-૦૯-૨૦૨૪ શનિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

Sheetal
ANY TIME TASTY
Noodles
73000 51000

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા વદ ૪ વર્ષ : ૨૮ અંક ૩૪૨

## રૂા.૪૨.૪૮ કરોડનાં બસપોર્ટ સાથે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલનાં હસ્તે જિલ્લામાં વિકાસનો વરસાદ

# જિલ્લામાં ૨૯૨ કરોડનાં વિકાસ કામોનું ખાતમુહુર્ત-લોકાર્પણ

**અમરેલીની ઐતિહાસિક ધરોહર રાજમહેલનો રૂા.૨૫ કરોડના ખર્ચે રિનોવેશનનો શુભારંભ થયો**

**અમરેલી, કુંડલા, રાજુલા, ધારીમાં મુખ્યમંત્રી દ્વારા લોકોને સંબોધન : ગુજરાતે વિકાસની એક નવીન કેડી કંડારી છે : છેવાડાના અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા નાગરિકોને પણ સુવિધા આપવા પ્રયાસો**

**ગામ-નગર સાથે રાજ્યને સ્વચ્છ અને સુંદર બનાવીએ તેવો અનુરોધ કરતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**







અમરેલી,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી શહેર અને જિલ્લાને રૂ.૨૯૨ કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ, ખાતમૂહુર્ત અને નવીનીકરણના ત્રિવિધ પ્રકલ્પોની ભેટ આપી હતી.મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ગુજરાતના વિકાસના રોડમેપનો ચિતાર આપતા જણાવ્યુ વડાપ્રધાનશ્રીએ એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ ધરાવતા બસપોર્ટ આપીને નાગરિકોનું ઈઝ ઓફ લિવિંગ વધારવાની શરૂઆત કરાવી છે. એ દિશામાં આગળ વધતા આજે અમરેલી ખાતે અત્યાધુનિક બસપોર્ટની શરૂઆત થઈ છે. અમરેલી

(અનુ. પાના નં.૨)

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

## અમરેલીના યુવા ધારાસભ્ય સૌના માટે પ્રેરણારૂપ બન્યા

# અમરેલીની જનતાને દોઢ વર્ષની કામગીરીનો જાહેર હિસાબ આપતા શ્રી કૌશિક વેકરિયા

**અમરેલી માટે જાત ખપાવી દેવાની પણ તૈયારી છે : દોઢ વર્ષમાં કરેલા કામો અને હવે કરવાના કામોનું સરવૈયુ લોકોને આપતા શ્રી કૌશિક વેકરિયાની જનતાને ખાત્રી**



અમરેલી,

એકવખત ચુંટાયા પછી કોઇ દેખાતા ન હોવાની વાત એક બાજુ રહી પણ અમરેલીના યુવા ધારાસભ્ય સૌના માટે પ્રેરણારૂપ બન્યા છે અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિક વેકરિયાએ આજે આધુનિક બસપોર્ટના ઉદઘાટન સમયે અમરેલીની જનતાને પોતાની દોઢ વર્ષની કામગીરીનો જાહેર હિસાબ આપ્યો હતો.અને સાથે સાથે આગામી સમયમાં કરવાના કામોનું સરવૈયુ લોકોને આપતા શ્રી કૌશિક વેકરિયાએ જણાવેલ કે, જે દિવસે અમરેલીએ સમગ્ર જિલ્લામાંથી ૦૫ કમળ વિધાનસભામાં ચૂંટીને મોકલ્યા એ દિવસથી અમરેલી ન ભૂતો ન ભવિષ્યતી વિકાસનું સાક્ષી રહ્યુ છે. આજે અમરેલીના આંગણે અધ્યતન બસપોર્ટના લોકાર્પણ સમારોહ વેળાએ મને કહેવાનું મન થાય છે કે આ કામ ફક્ત ભાજપ સરકાર,ભૂપેન્દ્ર ભાઈની

(અનુ. પાના નં.૨)

## અમરેલીમાં મુખ્યમંત્રી તો ઘણા આવ્યા પણ

# ડૉ.જીવરાજ મહેતા પછી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે નાગનાથની પુજા કરી

**નાગનાથ મંદિરને મસ્તક ટેકવનાર બીજા મુખ્યમંત્રી બનતા શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**



અમરેલી, (ફીલ્ડ રિર્પોટર) અમરેલીમાં મુખ્યમંત્રી તો ઘણા આવ્યા પણ રાજયના પ્રથમ મુખ્યમંત્રી અને અમરેલીના સપુત

(અનુ. પાના નં.૨)

ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services
❖ હ્રદયરોગ - બીપી
❖ શ્વાસ દમ ન્યુમોનિયા
❖ પક્ષાઘાત - પેરાલીલીસ - આંચકી
❖ ડાયાબીટીસ - કીડની -લીવરની તકલીફ વગેરે
વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકને ફ્રી સારવાર
કેશલેશ મેડીક્લેઇમ સુવિધા
ડૉ.રાજન કકૈયા (એમ.ડી) કન્સલટન્ટ ફીજીશ્યન
એપોઇન્ટમેન્ટ માટે 99782 23000
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
Ph. (02792) 222223
Mo.9978223000

મસાજો ના શોખીનો માટે ધમાકા ઓફર
અમરેલીમાં પ્રથમવાર જ (હોટ ઓઇલ) મસાજ થેરાપી
BEST COMBO OFFER
અમારા રેગ્યુલર કલાઇન્ટ માટે સ્પેશ્યલ ઓફર
એક મસાજ સાથે એક મસાજ ફ્રી
માત્ર રૂા.૧૬૯૯/- માં (૨) મસાજ ૬૦ મીનીટ
લેડીઝ તથા જેન્ટસ બંને માટે મસાજની અલગ અલગ વ્યવસ્થા
આ ઓફર માત્ર થોડા સમય માટે જ
Heaven BODY SPA
Address : Keriya Road Bypass
Ayodhya Apartment 2flor corner
Appointment Now : 70469 83483

આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા – મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા – મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડૉ. સાગર બરાસરા (એન્ડોક્રાઇનોલોજીસ્ટ)
૯૮૭૭૧ ૭૧૨૭૧, તા.૨૧-૯-૨૪ શનિવારે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
-:: કાયમી કન્સલ્ટન્ટ ::-
ડો.ડી.એમ.ઉનડકટ (એમ.ડી.)
ડો.રૂચિતા જેઠવા (એમ.ડી)
ડો.આર.ડી.ઘોડાસરા (એમ.એસ.)
ડો.દ્રષ્ટિ પંડયા (બીપીટી - ફીજીયોથેરાપીસ્ટ)
(જુના દરેક રીપોર્ટ સાથે લઇને આવવા)
નામ નોંધાવવા માટે
ફોન : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨ - ૨૯૬૪૩૪
અનંતા હોસ્પિટલ
નિકોલ-અમદાવાદ-કાયમી કન્સલ્ટન્ટ
ડો.ઉત્સવ ઉનડકટ મો.૮૧૯૭૩ ૯૧૫૬૬
(ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ)
ડો.કોમલ વ્યાસ ઉનડકટ મો.૯૯૧૩૬ ૪૮૪૩૦
(ડી.એન.બી.-ગાયનેક,ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ)

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

Sheetal
સ્ટાફ જોઈએ છે.
અમરેલીની નામાંકિત કંપની
શીતલ મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ માટે
અમરેલી શહેરમાં ડોર ટુ ડોર સેલ્સ-માર્કેટિંગ
કરી શકે તેવા ભાઈઓ-બહેનો જોઈએ છે.
રસધરાવનાર વ્યક્તિએ પોતાનું રિઝ્યુંમ
નીચેઆપેલા નંબર પર મોકલ્યા પછી સંપર્ક કરવો.
95109 59957
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં.75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601





### પહેલા પાનાનું

ખાતે રૂ.૪૨.૪૮ કરોડના ખર્ચે નિર્મિત બસપોર્ટ અમરેલીવાસીઓ સહિત જિલ્લાના નાગરિકોને આવાગમનની આધુનિક સુવિધા ઉપલબ્ધ થઈ છે. આ અત્યાધુનિક એસ.ટી બસ નિર્માણથી મુસાફરોને આરામદાયક સુવિધાઓ સાથે સગવડતાભરી મુસાફરીનો લાભ મળી રહેશે. એટલુ જ નહિ, આ બસપોર્ટ અમરેલી શહેરની એક નવી ઓળખ બની રહેશે. આ ઉપરાંત અમરેલીના ઐતિહાસિક રાજમહેલનું રૂ. ૨૫ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવનાર છે તેની શરૂઆત પણ મુખ્યમંત્રીશ્રીએ કરાવી હતી. વડાપ્રધાનશ્રીએ આપેલા 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને સાકાર આ રાજમહેલનું નવીનીકરણ કરાશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે સંકલ્પ કર્યો છે, તેમાં વિકસિત ગુજરાતનો રોડમેપ નિર્ધારિત કરીને આપણે ઝડપભેર આગળ વધવાનું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે વિકાસની એક નવીન કેડી કંડારી છે. ગુજરાતના છેવાડાના અને અંતરિયાલ વિસ્તારોમાં રહેતા નાગરિકોને પણ હવાઈ કરનારા નાગરિકોને જેવી સુવિધાઓ મળે તે પ્રકારની સુવિધાઓ સામાન્ય નાગરિકને પણ મળે તે રીતે વિવિધ વિકાસના આયામો હાથ ધર્યા છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે, અમરેલી જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યો પ્રગતિમાં છે અને ભવિષ્યમાં વિકાસકાર્યો અમલમાં મૂકાવાના છે ત્યારે આ કાર્યો ગુણવત્તાસભર થાય તે માટે નાગરિકો તેની દરકાર અને કાળજી રાખે તો જ આપણે વિકાસનો જે રોડમેપ નિર્ધારિત કર્યો છે તેને હાંસલ કરી શકશું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના જે મંત્રથી આગળ વધવાનો જે પથ કંડાર્યો છે તે પથ પર મક્કમતાપૂર્વક આગળ વધીને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત નિર્માણમાં ગુજરાત લીડ લેવાનું છે તેમ તેમણે મક્કમતાપૂર્વક જણાવ્યું હતું. તાજેતરમાં જ વડાપ્રધાનશ્રીએ ગુજરાતને રૂ.૮૦૦૦ કરોડના વિકાસકાર્યોની ભેટ આપી છે. નરેન્દ્રભાઈ વડાપ્રધાનશ્રી છે ત્યાં સુધી વિકાસ અને વિકાસની ગતિ ક્યાંય રોકાવાની કે અટકવાની નથી. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આજે છેવાડાના ગામ સુધી રોડ-રસ્તા, પાણી, વીજળી પહોંચી છે તેની સફળતાઓનો તેમણે ઉલ્લેખ હતો. શ્રી ભૂપેન્દ્રભાઈએ વડાપ્રધાનશ્રીના જન્મદિવસે રાજયભરમાં શરૂ થયેલા સ્વચ્છતા અભિયાનની રૂપરેખા આપતા જણાવ્યું કે, સ્વચ્છતા એક દિવસ નહીં પરંતુ હરહંમેશ માટે આપણા સ્વભાવનો ભાગ બનવો જોઈએ. સહિયારા પ્રયત્નોથી સ્વચ્છતા કાયમી રીતે જાળવી શકાય તો જ ગામ અને નગર સાથે રાજ્યને સ્વચ્છ અને સુંદર બનાવી શકાશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો. વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયાએ જિલ્લામાં થયેલા અને થવાના વિવિધ વિકાસકાર્યોનો ચિતાર આપતા કહ્યુ કે, રાજ્ય સરકાર દ્વારા જ્યારે-જ્યારે રજૂઆત કરવામાં આવી ત્યારે ખુલ્લા હૃદયે અમરેલી જિલ્લાના વિવિધ વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી છે. તેમણે આ અંગે જણાવ્યુ કે, જિલ્લામાં આજે થનારા વિવિધ લોકાર્પણને લઈને જિલ્લાના નાગરિકોમાં આનંદ હર્ષની હેલી છવાયેલી છે. વિવિધ વિકાસના પ્રકલ્પોને જોવા માટે ગઈકાલે સાંજે મોટી સંખ્યામાં અમરેલીવાસીઓ ઉમટી પડ્યાં હતાં. શ્રી વેકરિયાએ વિવિધ વિકાસકાર્યોની ઝલક રજૂ કરતા જણાવ્યુ કે, રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૭ કરોડના ખર્ચે નાવલી નદી પર રિવરફ્રન્ટ, સાંસ બંદર પર રૂ.૭૫ કરોડના ખર્ચે બ્રિજ, આંબરડી પાર્કને વિકસાવવા રૂ. ૨૭ કરોડ, લાઠી હોસ્પિટલ માટે રૂ.૫૦ કરોડ, જિલ્લાકક્ષાના સ્પોર્ટ્સ સંકૂલના પ્રથમ તબક્કા માટે રૂ.૧૩ કરોડ, રાજમહેલ માટે રૂ.૨૫ કરોડ, ડીવાયએસપી ઓફિસ માટે રૂ.૯ કરોડ, રૂ.૯ કરોડના ખર્ચે મોર્ડન ફાયર સ્ટેશન, બાબરા-જેસંગપરા શાળા માટે રૂ.૩ કરોડ, ઠેબી ડેમ પર રિવરફ્રન્ટ માટે રૂ.૫૦ કરોડ, જિલ્લા સાયન્સ સેન્ટર માટે રૂ.૨૦ કરોડ, અમરેલી શહેરના રોડ-રસ્તા માટે કરોડ, ગ્રામ્ય વિસ્તારના રોડ માટે રૂ.૧૦૦ કરોડ, અમરેલી-લિલિયા ફોરટ્રેક રોડ માટે રૂ.૨૩ કરોડ, સેન્ટર પોઈન્ટથી રાધેશ્યામ સુધીના આર.સી.સી. રોડ માટે રૂ.૧૨ કરોડ, સિવિલ હોસ્પિટલ માટે રૂ.૧.૫ કરોડના ખર્ચે રસ્તો, કુંકાવાવ તાલુકામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તેમજ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ કોલેજ માટે રૂ.૩૬ કરોડના કાર્યોની મંજૂરી આપવામાં આવી છે. આમાંથી અમૂક સંપન્ન થયા છે અને અમુક કાર્યો દિવાળી આસપાસ કાર્યાન્વિત થવાના છે. સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાએ જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રીશ્રીની સહૃદયતા અને સરળતા છે કે, પ્રજાના ગમે તે કામો લઈને જઈએ તો તે આપણને શાંતિથી સાંભળે છે અને દરેક સમસ્યાનું સમાધાન અને નિરાકરણ લાવે છે. કોઈપણ પ્રકારના રાગદ્વેશ વગરના નિર્લેપ કાર્યશૈલીને તેમણે હૃદયથી બીરદાવી હતી. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યુ કે, અમરેલી જિલ્લાના આંગણે ત્રિવિધ કાર્યક્રમ નિમિત્તે મુખ્યમંત્રીશ્રી અમરેલીના આંગણે પધાર્યા છે અને સમગ્ર દિવસ અમરેલી જિલ્લાને ફાળવ્યો છે. તે આનંદની વાત છે. મુખ્યમંત્રીશ્રીએ આજે સમગ્ર દિવસ દરમિયાન જિલ્લાને અનેકવિધ વિકાસ કાર્યોની ભેટ આપવાના છે. જેનાથી જિલ્લાની વિકાસની ગતિ વધુ તેજ થશે. મુખ્યમંત્રીશ્રી દ્વારા ખેડૂતોના વ્યાપક હિતમાં ખેડૂતખરાઈનો નિર્ણય લેવા માટે અમરેલી જિલ્લાના ખેડૂત આગેવાનો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું હતું. આ અવસરે અમરેલી ખાતે આવેલી ઐતિહાસિક ઈમારત રાજમહેલનું રૂ.૨૪.૯૮ કરોડના ખર્ચે થનાર નવીનીકરણ પામનાર રાજમહેલ, જિલ્લા સ્પોર્ટ્સ સંકુલ સહિતના વિવિધ વિકાસકાર્યોની દ્રશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ રજૂ આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકદિને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર શ્રી ચંદ્રેશકુમાર ભોળાશંકર બોરીસાગરનું સન્માન કર્યું હતું. જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયાએ આભારવિધિ કરી હતી. આ તકે, લાઠી-બાબરાના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી, શ્રી જે.વી.કાકડીયા, નગરપાલિકા પ્રમુખ શ્રી બીપીનભાઈ લિંબાણી, જિલ્લા કલેક્ટર શ્રી અજય જિલ્લા વિકાસ અધિકારી શ્રીપી.બી.પંડ્યા, એસ.ટી. નિગમ સચિવ રવિ નિર્મળ, એમ.ડી શ્રી અનુપમ આનંદ, જનરલ મેનેજર શ્રી જોશી, મુખ્ય બાંધકામ ઈજનેર શ્રી આર.એમ.સોલંકી, નાયબ ઈજનેર એચ.આર.મોરધરા તેમજ સમગ્ર પ્રોજેક્ટના ડેવલપર નીલા ટર્મિનલ્સના ડિરેક્ટર વિમલભાઈ કથિરિયા, જિલ્લા પોલીસ વડા શ્રી હિમકર સિંઘ, અગ્રણી શ્રી ભૂપેન્દ્રભાઈ સહિત અગ્રણીઓ, ખેડૂત આગેવાનશ્રીઓ અને નગરજનો રહ્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી જિલ્લાના ધારીના આંબરડી સફારી પાર્કની મુલાકાતે પધાર્યા હતા. આંબરડી સફારી પાર્કમાં મુખ્યમંત્રીશ્રીએ પ્રકૃતિ વચ્ચે વિહરતા સિંહોને અને આંબરડી પાર્કનો પ્રાકૃતિક વૈભવ પણ નિહાળ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આંબરડી ખાતે સૌ પ્રથમ ઈન્ટરપ્રિટેશન સેન્ટરની મુલાકાત લીધી હતી. ગીરની ધરતીના લઈને, સિંહનું ગીરમાં આગમન તથા વિસ્તરણ તેમજ સિંહની ગાથાની ડિજિટલ પ્રસ્તુતિ નિહાળી મુખ્યમંત્રીશ્રી અભિભૂત થયા હતા. સેન્ટરની મુલાકાત બાદ તેમણે સફારીપાર્કમાં સિંહ દર્શન માટે પ્રસ્થાન કર્યું હતું. ૩૬૫ હેક્ટરમાં ફેલાયેલા આંબરડી સફારી પાર્કમાં મુખ્યમંત્રીએ બે નર અને એક માદા સિંહ એમ ત્રણ સિંહોને પ્રકૃતિ વચ્ચે વિહરતા નિહાળ્યા હતા. આ નાયબ વન સંરક્ષક શ્રી રાજદીપસિંહ ઝાલા વગેરે સાથે જોડાયા હતા.

# નાગનાથ મહાદેવે મસ્તક નમાવતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ

## પ્રખર શાસ્ત્રી શ્રી પાર્થ ત્રિવેદીએ પુજા કરાવી : આદરણીય કેળવણીકાર શ્રી કિશોરભાઇ મહેતા, શ્રી વસંત ગજેરા, શ્રી પીપી સોજીત્રા, શ્રી ઇતેશ મહેતા સહિત શહેરના શ્રેષ્ઠીશ્રીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન




અમરેલી, અમરેલી જિલ્લાના પ્રવાસે પધારેલ મુખ્યમંત્રીશ્રીએ અમરેલી સ્થિત શ્રી નાગનાથ મહાદેવના દર્શન કરી અને પૂજન અર્ચન કર્યુ હતુ. તેમને અમરેલીના પ્રખર શાસ્ત્રી શ્રી પાર્થ ત્રિવેદીએ પુજા કરાવી હતી.

આ વેળાએ મુખ્યમંત્રીશ્રીનું મંદિરના ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ મહેતા અને શાંતાબા મેડીકલ કોલેજના ચેરમેન શ્રી વસંત ગજેરા, શ્રી પીપી સોજીત્રા, ડૉ. પીપી પંચાલ, વિહિપના શ્રી ઈતેશ મહેતા, એસ્ટ્રોલોજર્સ શ્રી રોહીત જીવાણી, શ્રી ધર્મીષ્ઠાબહેન મહેતા, અવધ ટાઈમ્સ, શ્રી વસંત મોવલીયા, શ્રી મનોજ ભટ્ટ, શ્રી તનસુખભાઈ ઠાકર, શ્રી પીન્ટુ કુરુંદલે, શ્રી આશિષ ગણાત્રા, શ્રી મુકેશ જાની, શ્રી અનીલભાઈ કાણકીયા, શ્રી ભીખુભાઈ અગ્રાવત સહિત શહેરના આગેવાનો દ્વારા સ્વાગત, સન્માન કરવામાં આવ્યું હતું. મંદિરના ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ મહેતાએ મુખ્યમંત્રીશ્રીને અમરેલી નાગનાથ મંદિરનો ઈતિહાસ જણાવ્યો હતો. ૨૦૭ વર્ષ જૂનું આ શિવાલયનું નિર્માણ તત્કાલિન ગાયકવાડ રાજયના દીવાનજી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રી ભરત સુતરિયા, શ્રી કૌશિક વેકરિયા, શ્રી હીરાભાઈ સોલંકી, શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જે.વી. કાકડીયા, શ્રી જનક તળાવીયા, કલેક્ટરશ્રી અજય દહિયા, ડીડીઓશ્રી પરિમલ પંડ્યા, એસપી શ્રી હીમકર સિંઘ, શ્રી ચિરાગ દેસાઇ, આરએસી શ્રી દિલીપસિંહ ગોહિલ, અને અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પહેલા પાનાનું
### ખાતમુહુર્ત-લોકાર્પણ

સરકાર, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં જ થઈ શકે. હું જ્યારે વિધાનસભાના ઉમેદવાર તરીકે ચૂંટણી ફોર્મ ભરવા જઈ રહ્યો હતો ત્યારે મેં ભગવાન શ્રીરામની સાક્ષી એ અમરેલી વિધાનસભા ના નાગરિકો ને વચન આપ્યું હતું કે આપનો એક મત પણ એળે નહીં જવા દઉ. આજે હું નાગનાથ દાદાની સાક્ષીએ કહું છું મેં તમારા ૧-૧ મત માટે દિવસ રાત એક કર્યા છે અને હજુ મારી જાતને ખપાવી દેવાની તૈયારી છે.

શ્રી કૌશિક વેકરિયાએ લોકોને પોતાના દ્વારા થયેલા કામોની યાદી અપાઈ હતી અને અમરેલી વિધાનસભાના એકસો ઉપરના ગામોની પાણી યોજના માટે આગામી સમયમાં ૧૩૪ કરોડના કામો સહિતના અનેક આયોજનોની માહીતી આપી હતી.

### પહેલા પાનાનું
### નાગનાથની પુજા

ડૉ. જીવરાજ મહેતા પછી શ્રી ભુપેન્દ્ર પટેલે નાગનાથની પુજા કરી હતી એ સાથે જ અમરેલીના ગ્રામદેવતા નાગનાથ મંદિરને મસ્તક ટેકવનાર બીજા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ બન્યા હતા તેમને વિખ્યાત શાસ્ત્રી શ્રી પાર્થભાઈ ત્રિવેદીએ પુજા કરાવી હતી.

### આણંદ હાઇવેમાં ૨૯ લાખના દારૂ સાથે ટ્રક ઝડપાયો


:: બેસણું ::



સ્વ. રાણુબાબેન લખુભાઈ શેખવા

સ્વ. ૧૮-૦૯-૨૦૨૪, બુધવાર ભાદરવા સુદ પૂનમ (ઉં.વ. ૮૮)

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે,
અમારા માતૃશ્રી સ્વ. રાણુબાબેન લખુભાઈ શેખવા
તા. ૧૮-૦૯-૨૦૨૪, બુધવાર ના રોજ રામચરણ પામેલ છે.

સદ્દગતનું બેસણું
તારીખ : ૨૧-૦૯-૨૦૨૪, શનિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૭:૦૦
સ્થળ : કાઠી ક્ષત્રિય સમાજની વાડી, હનુમાન પરા રોડ, અમરેલી.

લી.
ઉદયભાઇ લખુભાઇ શેખવા
કિરણભાઇ લખુભાઇ શેખવા
પ્રકાશભાઇ લખુભાઇ શેખવા
મેઘરાજભાઇ ઉદયભાઇ શેખવા
ચંદ્રરાજભાઇ કિરણભાઇ શેખવા
ધરમભાઇ કિરણભાઇ શેખવા
સુરેશભાઇ લખુભાઇ શેખવા (મેનેજર અ.જી.મ.સ.બેંક, અમરેલી)
રવિરાજભાઇ ઉદયભાઇ શેખવા (અશ્વમેઘ ગૃપ - અમરેલી)
જયભાઇ પ્રકાશભાઇ શેખવા
વિશ્વરાજભાઇ પ્રકાશભાઇ શેખવા
જસપાલભાઇ સુરેશભાઇ શેખવા
ધ્રુવરાજભાઇ રવિરાજભાઇ શેખવા

ૐ શાંતિ... શાંતિ...શાંતિ...
જય વિહળાનાથ







### આધુનિક માર્કેટયાર્ડની મુલાકાત લેવા માટે

# અમરેલીમાં આધુનિક માર્કેટયાર્ડનાં નિર્માતા શ્રી પી. પી. સોજીત્રાએ મુખ્યમંત્રીને આમંત્રણ પાઠવ્યું

## યાર્ડની વિવિધ પ્રવૃતિઓની માહિતી આપી નાગનાથ ખાતે મુખ્યમંત્રીશ્રીને અનુરોધ કર્યો



અમરેલી, અમરેલી ખાતે વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં આગમન વખતે અમરેલી એપીએમસીના ડિરેક્ટર તથા અમરેલી નાગરિક બેંકના ભૂતપૂર્વ ચેરમેન શ્રી પી.પી. સોજીત્રા દ્વારા ગ્રામદેવતા નાગનાથ મંદીરના પ્રાંગણમાં મુખ્યમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અમરેલીના દ્રષ્ટાંતરૂપ વિકાસકર્તા એવા શ્રી પી.પી. સોજીત્રાએ મુખ્યમંત્રીને અમરેલી માર્કેટિંગ યાર્ડની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે શ્રી સોજીત્રાએ અમરેલી માર્કેટિંગ યાર્ડના મહત્ત્વ, ખેડૂતભાઈઓને પ્રાપ્ત થતા લાભો અને યાર્ડની વર્તમાન પ્રવૃત્તિઓ વિષે મુખ્યમંત્રીશ્રીને વિસ્તૃત માહિતી આપી. મુખ્યમંત્રીશ્રીએ પણ યાર્ડની ભૂમિકા અને કાર્યક્ષમતાની પ્રશંસા કરતા, આગામી સમયમાં આ યાર્ડના વધુ વિકાસ માટે સરકારની સંપૂર્ણ સહાય અને સહકારનું વચન આપ્યું હતું. આ કાર્યક્રમમાં અનેક સત્તાવાર વ્યક્તિઓ, અધિકારીઓ, ખેડૂતો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

### દામનગરમાં સગીરાનું અપહરણ કરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) દામનગરમાં રહેતી સગીરાનું કોઈ અજાણ્યો શખ્સ વાલીપણામાંથી લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયાની સગીરાના પિતાએ દામનગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૬,૨૫૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦-૦૯-૨૦૨૪ રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.



અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂ.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧



FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨



બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫



બેસણું, પાણીઢોળ, મુર્તિ પ્રતિષ્ઠા, ઉત્સવો, સ્નેહમિલન, લગ્ન કે અન્ય સમારોહ
વખતે અમોને આમંત્રિત કરશોજી.
આંખો માટે ના કુદરતી ઉપાયો બતાવી સૌને ખુબ જ લાભપ્રદ
આંખો ના આયુર્વેદિક ટીપા
નિઃશુલ્ક આંજી આપીએ છીએ. આ ટીપાથી ચશ્મા, મોતીયો, વેલ, છારી વિ.માં તરત રાહત મળે છે
વિનુભાઇ છાશવાળા મો. ૯૪૨૭૪ ૨૯૨૬૧
મો. ૯૫૫૮૩ ૭૦૪૯૨, ૯૬૬૨૭ ૮૫૦૨૨

## પર લાખનો ફ્રોડ કરનાર ગેંગને પકડવામાં માર્ગદર્શન આપનાર ભાવનગર રેન્જ આઇજી શ્રી ગૌતમ પરમારની અમરેલીમાં અવધ ટાઇમ્સ સાથે વાતચીત

# લોકો સાયબર ક્રાઇમ સામે સાવધ રહે : આઇજી શ્રી ગૌતમ પરમાર

### આજના સમયે આધુનિક ફોનની સુવિધા આવતા તેનો દુરઉપયોગ પણ થઇ રહયો હોય પોલીસ તંત્ર શાળાઓથી લઇ આગેવાનો સુધી લોકોને જાગૃત કરી રહ્યુ છે : શ્રી પરમાર

### સાયબર ક્રાઇમમાં લોકોને ગયેલા નાણા પાછા અપાવવા પોલીસે ખુબ મહેનત કરી છે અને કરે પણ છે છતા લોકોએ જાતે જાગૃતિ રાખવી પણ જરુરી છે : શ્રી ગૌતમ પરમાર



અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર) ભાવનગરમાં શેરબજારના ટ્રેડીંગના નામે છેતરી રૂપિયા પર લાખ ઉપરાંતની રકમનો ફ્રોડ કરનાર ગેંગને જેમના માર્ગદર્શનમાં પકડી લેવાઈ છે તેવા ભાવનગર રેન્જના બાહોશ અને નિષ્ઠાવાન આઈજી શ્રી ગૌતમ પરમારે અમરેલીમાં અવધ ટાઈમ્સ સાથે વાતચીત કરાત જણાવેલ કે, વર્તમાન સમયમાં લોકો સાયબર ક્રાઈમ સામે સચેત રહે હાઈ ટેકનોલોજીના યુગમાં લોકોનું બેંક બેલેન્સ ગણત્રીની સેકંડોમાં ખાલી થઈ જાય છે તેમ જણાવે આઈજી શ્રી ગૌતમ પરમારે જણાવેલ કે, આજના સમયે આધુનિક ફોનની સુવિધા આવતા તેનો દુરઉપયોગ પણ થઈ રહયો હોય પોલીસ તંત્ર શાળાઓથી લઈ આગેવાનો સુધી લોકોને જાગૃત કરી રહ્યુ છે છતા પણ આવા બનાવો બની રહયા છે અને લોકો જાગૃત બને તો આવા બનાવો અટકી શકે છે બાકી સાયબર ક્રાઈમમાં લોકોને ગયેલા નાણા પાછા અપાવવા પોલીસે ખુબ મહેનત કરી છે અને કરે પણ છે છતા લોકોએ જાતે જાગૃતિ રાખવી પણ જરુરી છે તેમ શ્રી ગૌતમ પરમારે જણાવ્યું હતુ.અત્રે એ ઉલેખનીય છે કે,શ્રી ગૌતમ પરમારના માર્ગદર્શનમાં શ્રી કે.જી.ચાવડા પોલીસ ઈન્સ્પેકટર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ભાવનગરના આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૧૪ તથા આઈ.ટી.એકટ ૬૬(ડી) મુજબના ગુન્હાના કામે બેંક એકાઉન્ટ મા પૈસા નખાવી વિડ્રો કરી આપનાર શખ્સો (૧) ગૌતમભાઈ બાબુભાઈ વાણંદ ઉ.વ.૪૦ ધંધો.હેરકટીંગ હાલ રહે.૨૭ મહેશ્વરી સોસાયટી વિભાગ-૧ અંબર સિનેમા પાસે બાપુનગર, અમદાવાદ મુળ રહે.ફુલેતરાગામ કલોલ રોડ તા.કડી જી.મહેસાણા (૨) રોનક અમરતભાઈ નાઈ ઉ.વ.૨૭ ધંધો.પ્રા.નોકરી રહે.હાલ ડિ-૧૦૨, ક્રિશ ગોલ્ડ ફ્લેટ, ડિ-માર્ટની બાજુમા, નિકોલ અમદાવાદ મુળ રહે.ધમાસણા તા.કલોલ જી.ગાંધીનગર (૩) રોહીતભાઈ રમેશભાઈ મકવાણા ઉ.વ.૩૩ ધંધો.રેપીડો બાઈક ચલાવવાનો હાલ રહે.બી-૨૯ રત્નદીપ સોસાયટી પુજન હોસ્પીટલની બાજુમા નરોડા અમદાવાદ મુળ રહે.જુના ડીસા બ્રાહ્મણ વાસ તા.ડીસા જી. બનાસકાંઠાને અટક કરેલ છે.તેમણે બનાવમાં ફરીયાદી ને આરોપીઓએ શેરબજાર ટ્રેડિંગના નામે વિશ્વાસમાં લઈ કોમ્પ્યુટર સંસાધન અથવા કોમ્યુનિકેશન સાધનની મદદથી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ફરી. સાથે કુલ રૂ.૫૨,૩૭,૦૦૦/- (અંકે રૂપિયા બાવન લાખ સાડત્રીસ હજાર પુરા) નું સાયબર ફ્રોડ કરી રકમ અલગ અલગ બેંક એકાઉન્ટમાં મેળવી લઈ ફરી. સાથે છેતરપીંડી-વિશ્વાસઘાત કર્યો હતો.

## અમરેલીની બોલબાલા : કાલે મુખ્યમંત્રીશ્રી બાદ આજે રાજયપાલશ્રીનું આગમન

# પ્રાકૃતિક ખેતીના પ્રણેતા રાજયપાલ શ્રી આચાર્ય શ્રી દેવવ્રતજી આજે અમરેલીમાં

### પરંપરા અનુસાર શ્રી સંઘાણીના નેતૃત્વમાં શ્રી રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં અમર ડેરી ખાતે સહકારી સંસ્થાઓની સભા યોજાશે



અમરેલી,પ્રાકૃતિક ખેતીના ભેખધારી એવા આપણા મહામહિમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અમરેલી ખાતે આજે પધારી રહયા છે રાજકોટનાં સાંસદશ્રી પરશોત્તમભાઈ રૂપાલાની ખાસ ઉપસ્થિતિમાં દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શન તળે અશ્વિનભાઈ સાવલીયા, મુકેશભાઈ સંઘાણી, ડો.આર.એસ.પટેલ, અરૂણભાઈ પટેલ, બી.એસ.કોઠીયા, જયંતિભાઈ પાનસુરીયા, મનિષભાઈ સંઘાણી, ભાર્ગવભાઈ ત્રિવેદી સહિત ટીમ દ્વારા યોજાઈ રહેલા જીલ્લાની સહકારી સંસ્થાઓની સંયુક્ત વાર્ષિક સાધારણ સભામા ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લાની સહકારી સંસ્થાઓની સાધારણ સભા તેમજ એકમંચ પર મળશે જેમા રાજયપાલશ્રી અધ્યક્ષસ્થાને રહેશે આજે તા.૨૧-૦૯-૨૦૨૪, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે અમરદાણ ફેકટરી સામે, સેન્ટર ઓફ એકસેલંન્સ (ઈટી/આઈવીએફ) લેબ, ધારી રોડ, અમરેલી ખાતે યોજાશે જેમા તમામ સંસ્થાઓની વાર્ષિક સાધારણ કામગીરી હાથ ધરવામા આવશે.

# ચિતલ નજીક ફોરવ્હીલમાં વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઇ

### એલસીબી અને રૂરલ પોલીસે ૧૫૦૦ બોટલ સાથે એક શખ્સને ઝડપી લીધો

અમરેલી,અમરેલી એલ.સી.બી.પોલીસ ઈન્સ. શ્રી એ.એમ. પટેલ તથા એલ.સી.બી. ટીમ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકીકત અન્વયે વોચ ગોઠવી ચીતલ ગામ પાસેથી ફોર વ્હીલ કારમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાની હેરફેર કરતા એક ઈસમને પકડી પાડી, આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી કાળુલાલ ગણેશલાલ પાલીવાલ તથા મુદ્દામાલ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.એક ટાટા કંપનીની હેરીયર ફોર વ્હીલ કાર રજી.નંબર જી.જે. ૨૭. ઈ.બી. ૩૮૫૩ કિ.રૂ.૧૨,૦૦,૦૦૦/-મળી કુલ કિ.રૂ.૧૫,૧૫,૨૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

## સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઇજી શ્રી નિર્લિપ્ત રાયની ટીમ ત્રાટકી

# રાજુલાનાં વિક્ટરમાં વરલી મટકાના અડ્ડા ઉપર ત્રાટકતો સ્પેશ્યલ મોનીટરીંગ સેલ

### ૧૫ શખ્સો ઝડપાયા : ૧૪ ફરાર : ૮ વાહનો, ૧૮ મોબાઇલ અને ૧ લાખની રોકડ સાથે ૩ લાખનો મુદામાલ કબ્જે



અમરેલી,રાજુલાના વિક્ટરમાં ૪ રસ્તાની બાજુમાં તળાવની પાળ ઉપર વરલી મટકા રમાડી રમી રહેલા રફીક અબા જાખરા રીઝવાન રૂસ્તમ પઠાણ સહિત ૧૫ શખ્સોને એસએમસીનાં પીએસઆઈ શ્રીએ.વી.પટેલની ટીમે પકડી પાડયા હતા જ્યારે ૧૪ શખ્સો નાસી છુટયા હોય તે તમામ સામે ગુનો નોંધ્યો છે પોલીસે વરલી મટકા રમાડનાર અને રમનાર દરેક મળી કુલ ૨૯ શખ્સો સામે ગુનો દાખલ કર્યો હોય પોલીસે સ્થળ ઉપરથી રૂા.૯૦,૩૫૦ ની રોકડ, ૧૮ મોબાઈલ, ૮ વાહનો મળી ૩ લાખ ૧૩ હજાર ૮૫૦નો મુદ્દામાલ કબ્જે કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

# અમરેલીના વેપારીઓએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને ભાવભરી વિદાય આપી

### અમરેલીથી પરત જતા મુખ્યમંત્રીશ્રીને વેપારી સંગઠનોના આગેવાનોએ સન્માન સાથે વિદાય આપી



અમરેલી,

રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે દિવસભર અમરેલી જિલ્લાના ભરચકક વિવિધ પ્રકલ્પોના કાર્યક્રમોમાં લોકાર્પણ, ખાતમુહુર્ત અંતે પ્રવાસ પુર્ણ કરી જતા હતા ત્યારે અમરેલીના વિવિધ વેપારી સંગઠનના આગેવાનો તથા અન્ય વેપારીઓએ પણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું સન્માન કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી તે વેળાએ વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# અમરપુર વરૂડીનાં ખેડુત આગેવાન કેશુભાઇ ગોલનું નિધન : ઘેરો શોક

### સદગતની અંતિમ યાત્રામાં વેપારીઓ સહિત આગેવાનો જોડાયા : આજે બેસણું



અમરેલી,અમરેલીનાં અમરપુર વરૂડીના ખેડુત આગેવાન કેશુભાઈ ગોલ ઉ.વ.૭૦ નું તા.૨૦-૯-૨૪ શુક્રવારે અવસાન થયુ છે. સદગતનાં નિધનથી ગોલ પરિવાર સહિત વરૂડી પંથકમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. સ્વ. કેશુભાઈ ગોલની અંતિમ યાત્રામાં વેપારીઓ સહિત આગેવાનો ખેડુતો જોડાયા હતા અને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા સદગતનું બેસણું તા.૨૧-૯-૨૪ શનિવારે સવારે ૮ થી ૬ તેમના નિવાસ સ્થાને રાખેલ છે તેમ મહેશભાઈ કેશુભાઈ ગોલ તથા દિપ મહેશભાઈ ગોલ દ્વારા જણાવાયુ છે.

## અમરેલીનાં આદર્શ ગામ દેવરાજીયાની મુલાકાત લઇ પ્રભાવિત થતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

# દેવરાજીયામાં ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રી

### રૂા.૧૭ લાખના ખર્ચે આધુનિક અને સુવિધાસભર ગ્રામ પંચાયત ભવનનું નિર્માણ કરવામાં આવ્યું

### દેવરાજીયામાં ગ્રામ્ય સંસ્કૃતિ ઝાંખી કરાવતા ખોરડાની શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે મુલાકાત લીધી

### રાજ્ય સરકાર દ્વારા પ્રજા કેન્દ્રીત સુવિધાઓથી અવગત કરાવતા નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયા

### કોમ્યુનીટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ કાર્યક્રમ અંતર્ગત પંચાયત ભવનનું નિર્માણ થતા સુવિધાઓ વધી







અમરેલી,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે, અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન જિલ્લાના સુવિધા અને સ્માર્ટ ગામ એવા દેવરાજીયાની મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું દેવરાજીયા ગામના ગ્રામજનોએ ઉત્સાહભેર સ્વાગત થયું હતું.

મુખ્યમંત્રીશ્રીએ દેવરાજીયા ગામના પાદરમાં આવેલ અને ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી રજૂ કરતા 'ખોરડું' ની મુલાકાત કરી હતી. ગામના પ્રાંગણમાં આવેલા સ્વામી વિવેકાનંદ, શહીદ સ્મારક, ડો.બાબા સાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, સંત ભોજલરામ બાપા, શ્રી સ્વામી સહજાનંદ અને સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

પીવાના શુદ્ધ પાણી માટેના ઈ.ં. પ્લાન્ટનું પણ મુખ્યમંત્રીશ્રીએ નિરીક્ષણ કર્યું હતું. આ તકે મુખ્યમંત્રીશ્રીએ કોમ્યુનિટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત રુ.૧૭ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનને ખુલ્લું મૂક્યું હતું. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયાના સભર આ દેવરાજીયામાં ગ્રામજનો માટે ઉપલબ્ધ સુવિધાઓથી મુખ્યમંત્રીશ્રી અવગત થયા હતા.

મુખ્યમંત્રીશ્રીની દેવરાજીયા ગામની મુલાકાત દરમિયાન સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય સર્વ શ્રી મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેકટર શ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, પોલીસ અધિક્ષક શ્રી હિમકરસિંઘ, દેવરાજીયા ગામના સરપંચ શ્રીમતી સગુણાબેન કૌશિકભાઈ વેકરિયા સહિતના પદાધિકારીશ્રી-અધિકારીશ્રી, અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૧-૦૯-૨૦૨૪ શનિવાર

# હવે ઘણાંને ભારતમાં બિઝનેસ કરવો પડકારવાળો લાગી રહ્યો છે

આપણી સરકાર એકબાજુ સતત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની વાતો કરતી રહે છે, પણ સરકાર ઈઝ (સરળતા) કરતી જ નથી એવું પણ સાવ ન કહી શકાય, તેમ છતાં છેલ્લા કેટલાંક સમયથી 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને બદલે 'ડિફિકલ્ટ ટુ ડુ બિઝનેસ ' પણ સાથે-સાથે ચાલવા લાગ્યું છે. જેમાં કયાંક બ્યુરોક્રસીની બુરાઈ, કયાંક કરપ્શન તો વળી કયાંક નિયમન- નિયંત્રણના અતિરેક કામ કરી રહ્યાં છે, વળી અમુક બાબતમાં કમ્પલાયન્સ-અનુપાલન એટલાં બધાં થઈ ગયા છે કે બિઝનેસમેન એમાંથી જ બહાર આવતો નથી. એના ખર્ચ અને તનાવ સતત વધે છે.

હા, કયાંક કામ સરળ બન્યું છે. ઓનલાઈન અને ડિજિટલ કામકાજને લીધે સરળતા વધી છે,પરંતુ ડિજિટલ માહોલમાં ભય અને શંકા વધતા રહયા હોવાથી વેપાર-ઉદ્યોગ વર્ગ વધુ મૂંઝવણમાં રહે છે.

જોકે વેપાર-ઉદ્યોગ વર્ગ પણ દૂધે ધોયેલો તો નથી. ત્યાં પણ સતત ગેરરીતિઓ-ગરબડો ચાલ્યા કરે છે.અને વેપાર-ઉદ્યોગ જગતમાં 'હવે ઘણાંને ભારતમાં બિઝનેસ કરવો પડકારજનક લાગે છે અને તેથી એ બધા દુબઈ અને સિંગાપોર જેવાં સ્થળે એમની કંપનીઓ શરૂ કરવાનું પસંદ કરે છે'

એવું વિધાન તાજેતરમાં અગ્રણી ઈન્વેસ્ટરે વ્યક્ત કર્યું છે. એમણે એવી ચિંતા દર્શાવતા કહ્યું છે કે, આની પાછળ ઘણાં પરિબળો જવાબદાર છે, પરંતુ તેમાંના અમુક છે, દેશની નિયમન યંત્રણા અને ઈન્વેસ્ટિગેટિવ એજન્સીઓનું બેકાબૂપણું; એમણે એવું નોંધ્યું છે કે, ભારતનું સામાન્ય મેક્રોઈકોનોમિક મેનેજમેન્ટ તો સારું છે, પણ એનું તંત્ર તેમજ તપાસનીશ એજન્સીઓનો અતિરેક ચિંતાનો વિષય બનતા રહ્યા છે. નિયમભંગ વિના કામ કરવું મુશ્કેલ? વેપાર ક્ષેત્રમાં જે મૂંઝવણ પ્રવર્તે છે એને કારણે કંપનીઓ માટે વર્તમાન વ્યવસ્થામાં નિયમોનો ભંગ કર્યા વિના કામ કરવાનું મુશ્કેલ બની ગયું છે.

દેશના ખાનગી ક્ષેત્રમાં ઈન્વેસ્ટમેન્ટ વધારવાની જરૂર છે, જોકે તેમાં મંદ ગતિ ચાલી રહી છે. સત્તા સામે અવાજ, વિરોધ કે ટીકા કરવાનું કપરું બન્યું છે. કોઈ-કોઈને ટીકા બહુ મોંઘી પણ પડે છે, જેથી ટીકા કરવાને બદલે એ બીજા માર્ગે ફંટાઈ જાય છે. આ બીજા માર્ગ એટલે વિદેશમાં શિફટ થવાનો અને બિઝનેસ શિફટ કરવાનો

ઈન્વેસ્ટરના શબ્દોમાં કહીએ તો એક એવી માન્યતા પ્રવર્તે છે કે ભારતમાં નિયમો એવી રીતે ઘડવામાં આવે છે કે જો તમે એને તોડો નહીં તો તમે કંઈ પણ કરી શકો નહીં. સરકાર આનો ઉપયોગ એની મરજી મુજબ અને વ્યૂહાત્મક રીતે કરે છે, જેને કારણે વેપાર-ઉદ્યોગ વર્ગમાં ડર પ્રવર્તે છે. દેશનું બુદ્ધિધન અને બિઝનેસ વિદેશોમાં ચાલ્યું ન જાય એ સરકારે જોવું જોઈએ અને એમના રક્ષણ માટેના પગલાં લેવાં જોઈએ.

બેરોજગારીની સમસ્યા વિશે ઈન્વેસ્ટરનું માનવું છે કે ભારતમાં શેરબજારોમાં તેજી છે, પરંતુ એનાથી તો દેશની કુલ વસતિના અમુક મર્યાદિત ભાગને જ ફાયદો થાય છે. શેરબજારની તેજીથી કદાચ બે અથવા ત્રણ કરોડ લોકોને ફાયદો થાય છે, પરંતુ ૫૦ કે ૬૦ કરોડ લોકોને એની કોઈ અસર થતી નથી.

આ બધી સમસ્યાઓની સાથે સરકાર તેના વિરોધીઓને નબળાં પાડવા-તોડવા એન્ફોર્સમેન્ટ ડાયરેકટોરેટ (ઈડી) અને ઈન્કમ ટેકસ જેવી તપાસનીશ સંસ્થાઓનો ગેર-ઉપયોગ કરતી હોવાનો આક્ષેપ પણ થતા રહ્યા છે. હવે સરકારની આવી કડકાઈ અને ભય બધાંને માફક આવતા નથી. અગાઉની સરકારોએ દેશના નકકર વિકાસના ભોગે એવી ખોટી નીતિઓ ઘુસાવી દીધી હતી કે આજની સરકાર દસ વરસથી તેને દૂર કરવા ઝઝૂમી રહી છે. સરકારને અમુકમાં સફળતા મળી છે તો અમુકમાં હજી સંઘર્ષ ચાલુ છે.

સરકારે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' માટે ઘણાં પગલાં ભરવાનાં રહે છે, જેમાં કરમાળખાંના સુધારા-સરળીકરણનો તેમ વિવાદના કિસ્સાઓના ઝડપી ઉકેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દરેક કાનૂનની સરળતા આવશ્યક છે, કારણ કે કાનૂન, નીતિ-નિયમો જેટલાં ગૂંચવણભર્યા હોય છે તેટલાં સડાં તેમાં પ્રવેશે છે, જે બિઝનેસ માહોલને દૂષિત કરે છે અને કરપ્શનનો સ્કોપ વધારે છે.

સરકાર ભલે દાવા કરે કે રાજકીય સ્તરે કોઈ મોટા સ્કેમ થયા નથી, ભ્રષ્ટાચાર ચલાવાશે નહી, પરંતુ વ્યવહારમાં ભરપુર ભ્રષ્ટાચાર ચાલી રહયો છે. સરકારી કચેરીઓમાં એક યા બીજા પ્રકારે રૂશ્વતખોરી ચાલી રહી છે, માત્ર ભ્રષ્ટાચારની ટેક્નિક બદલાઈ છે. આજે પણ પૈસા પધરાવ્યા-ખવડાવ્યા) વિના કોઈ કામ ભાગ્યે જ થાય છે. બિઝનેસમેન હોય કે સામાન્ય માણસ, સરકારી કચેરીમાં પોતાનું કામ કરાવવા જાય તો અમુક તેનું કામ સરળતાથી થઈ જાય એ દિવસો હજી કાફી દૂર છે.


કાયદા બધાં જ છે, પણ તેના અમલ સામે પણ ઘણાં પડકારો છે. પરિણામે ઈમાનદાર માણસો- વેપારીઓ માટે કામકાજ કરવાનું કઠિન બને છે, જયારે ચલતાપૂર્જા પોતાનાં કામ કઢાવી લે છે. સ્વચ્છતા-સરળતા સાથે વિકાસ સંભવ છે? છેલ્લી મહત્ત્વની વાત એ નોંધવી રહી કે રાજકીય સ્તરે એટલી બધી ગંદકી અને બદમાશી ચાલી રહી છે, જે દેશને સ્વચ્છ થવા દેતી નથી. કાયદા બધે અસરકારક ભૂમિકા ભજવી શકતા નથી. સ્થાપિત હિતો અને દેશની અંદર રહેલા દુશ્મનો પોતાના સ્વાર્થ માટે કોઈપણ હદે નીચે ઉતરવા તૈયાર છે. આવામાં દેશનો જીડીપી વધે, ઈકોનોમી ઝડપી વિકસે તો ય શું ? ભાવિ કેટલું ઉજવળ છે અને કેટલું ધુંધળું છે એ કહેવું કઠિન રહે છે. હજી ઘણાં ક્રાંતિકારી સકારાત્મક સુધારા-પરિવર્તન વર્તમાન સમયની માગ છે. દેશમાં સરળતા, સ્વચ્છતા, પારદર્શકતા સાથે સામાજિક-આર્થિક વિકાસ થાય એવી આશા રાખીએ.


# પદમશ્રી સવજીભાઈ ધોળકીયાને ડોકટરેટની પદવી એનાયત

## પી.આઈ.એમ.એસ. યુનિ. દ્વારા વિજ્ઞાનમાં માનદ ડોકટર એટ ડિગ્રીથી સન્માનિત

અમરેલી,

લાઠી તાલુકાના દુધાળામાં જળ સંગ્રહની ક્રાંતિ કરનાર પદમશ્રી સવજીભાઈ ધોળકીયાને તાજેતરમાં પ્રરવરા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ દ્વારા મહારાષ્ટ્રના રાજયાલ સી.પી. રાધાકૃષ્ણનના હસ્તે પદમ શ્રી સવજીભાઈ ધોળકીયાને વિજ્ઞાનમાં માનદ ડોકટરએટની ડિગ્રીથી સન્માનિત કરવામાં આવેલ. જેમાં મહારાષ્ટ્ર રાજયના મંત્રી રાધાકૃષ્ણ પણ ઉપસ્થિત રહેલ. પદમ શ્રી સવજીભાઈની યશકલગીમાં વધારો થતા સમગ્ર વિસ્તારના લોકોમાં આનંદની લાગણી વ્યાપી છે.





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૨૧.૯.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ વદ ચોથ, ભરણી નક્ષત્ર , વ્યાઘાત યોગ, બાલવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

## મંગળ મહારાજ આર્દ્રા નક્ષત્રમાં થી પસાર થઇ રહ્યા છે

૬ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર મંગળ મહારાજ આર્દ્રા નક્ષત્રમાં થી પસાર થઈ રહ્યા છે. આર્દ્રા નક્ષત્ર રાહુની અસરમાં છે અને એના દેવ રુદ્ર છે માટે આ નક્ષત્ર ઉગ્રતાનું નક્ષત્ર છે અને રાહુ છળ કપટ દર્શાવે છે માટે યુદ્ધની રણનીતિમાં ઘણા છળ કપટ જોવા મળશે આર્દ્રા નક્ષત્રમાં જન્મેલા જાતક થોડા ઉતાવળા હોય છે અને બહુ ઝડપથી પરિણામની અપેક્ષા રાખતા હોય છે વળી આ નક્ષત્રના જાતક મૃગશીર્ષ નક્ષત્રના જાતકને કંટ્રોલ કરી શકતા હોય છે આર્દ્રા નક્ષત્રના જાતકો કોઈ પણ રીતે શક્તિ મેળવતા હોય છે અને પોતાની વાત મનાવવા માટે કઈ પણ કરી છૂટતા હોય છે. ગોચર ગ્રહોની વાત આગળ વધારીએ તો ધર્મના કારક ગુરુ



મહારાજ ખાવા પીવાની રાશિ વૃષભમાં ચાલી રહ્યા છે અને ધર્મની રાશિ ધનથી વૃષભ રાશિ છઠે આવે છે જ્યાં ગુરુ મહારાજ મૃગશીર્ષ નક્ષત્રમાં થી પસાર થઈ રહ્યા છે જેની વચ્ચે બાલાજી મંદિર પ્રસાદ વિવાદ થવા પામ્યો છે આમ પણ હાલમાં ગુરુ પર કેતુની અસર છે જે ખાન પાનમાં ભેળસેળની બાબતોને વધારે છે અને આ પ્રકારના અનેક કિસ્સાઓ સામે આવતા જોવા મળે!! ભારતમાં ખાદ્ય પદાર્થો સાથે ચેડાં નવી વાત નથી અને જયારે પ્રસાદની વાત આવે ત્યારે ભક્તોની લાગણી પણ એમાં જોડાયેલી હોય છે માટે આ પરિસ્થિતિને વહેલી તકે નિવારવી જોઈએ અને જન આરોગ્ય માટે પણ ખાવા પીવાની વસ્તુઓ શુદ્ધ મળી રહે તે માટે પગલાં લેવાવા જોઈએ.

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે,કેટલીક સુંદર પ્રાપ્તિમાં તમે કરી શકો.
વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો,થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.
મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.
સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે .
કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય,દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય .
વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે .
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્તિ કરી શકો.
મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,વિચારોમાં હકારાત્મકતા આવે , દિવસ આનંદ માં વીતે.
કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .
મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે,ભૂતકાળમાં થી પાઠ લેવો જરૂરી બને છે.

# અમરેલી જિલ્લામાં કમોતનાં બે બનાવો

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી જિલ્લામાં દિન પ્રતિદિન અકાળે મોતના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. જેમાં અમરેલીમાં કિડનીની બિમારીથી પોલિસ કર્મચારીનું અને રાજુલામાં પ્રૌઢનું ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયું હતું.અમરેલી પોલિસ હેડકવાર્ટર બ્લોક નં.૮ રૂમ નં. ૬ માં રહેતા પોલિસ કર્મચારી સુરેશભાઈ કેશુભાઈ ભુવા ઉ.વ. ૫૬ ને છેલ્લા ૬ વર્ષથી બંને કિડની ફેઈલ થઈ જતા તેઓ ડાયાલીસીસ પર હતા. જેને તા. ૧૯-૯ના શ્વાસ લેવામાં તકલીફ થતા અમરેલી એઈમ્સ તથા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યાનું પુત્ર શીવમભાઈ સુરેશભાઈ ભુવાએ અમરેલી સીટી પોલિસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં મુળ એમપીના હાલ રાજુલા રહેતા શ્યામકુમાર શીવદયાલ પ્રજાપતિ ઉ.વ. ૪૦ને તેના પત્નિ સાથે અગાઉ અવાર નવાર વગર વાંકે ઝગડાઓ કરતા હોય. અને મરી જવાનું કહેતા હોય.તા. ૧૮-૯ના રાત્રિના ૧૦ વાગ્યા આસપાસ પત્નિ સાથે ઝગડો કરેલ હોય. જેથી ઝગડો નહી કરવા પત્નિએ ઠપકો આપેલ હોય. જે વાતનું મનમાં લાગી આવતા તા. ૧૯-૯ નારાત્રિના ૧૨:૩૦ થી વહેલી સવાર દરમ્યાન પોતે પોતાની મેળે સાડી વડે ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું પત્નિ દિપાબેન શ્યામકુમાર પ્રજાપતિએ રાજુલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો ભાવિકકુમાર વી.ઉનાગર એડવોકેટ રે.ધારી, તા.ધારી, જી.અમરેલી ના આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મોજે ત્રંબકપુર, તા.ધારી, જી.અમરેલી તે ગામના સીમતળની ખેતીની જમીન નીચે લખ્યા મુજબના ખાતેદારોના ખાતે / નામે ચાલે છે.

| ખાતેદારનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. | આકાર રૂા. |
|---|---|---|---|---|
| હંસરાજભાઇ આણંદભાઇ મોરી | ૩૩૬ | ૧૩૭ પૈકી ૧ | ૩.૪૦.૭૦ | ૩.૭૧ |

ઉપરોક્ત વિગતવાળી ખેતીની જમીન ઉપરોક્ત ખાતેદારની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની આવેલી છે. અને તેઓની પાસેથી ઉપરોક્ત વિગતવાળી ખેતીની જમીનનો કાયદેસર રીતે અવેજ ચુકવી ખાલી કબજા સાથે અમારા અસીલ દ્વારા ખરીદવા સમજુતી કરેલ છે. અને અમારા અસીલ તેઓની પાસેથી કાયદેસર રીતે સંપુર્ણ અવેજ ચુકવી ખાલી કબજા સાથે પાકો વેચાણ દસ્તાવેજ કરાવવા ઇચ્છતા હોય જેથી આ ખેતીની જમીન બાબતે જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો કે દરદાવો કે અન્ય કોઇપણ રીતે વાંધા તકરાર હોય અગર તો કોઇપણ જાતનું લ્હેણુ સમાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮ (આઠ) માં લેખીતમાં આધારો સાથે અમારી ઓફીસના દર્શાવેલા સરનામે અમોને જાણ કરશો ઉપરોક્ત દર્શાવેલ સમય મુદત સુધીમાં કોઇને વાંધો કે લેખીત જાણ અમોને કરવામાં નહી આવે તો અમારા અસીલ એક શુધ્ધબુધ્ધિના ખરીદદાર તરીકે અવેજની પુર્ણ રકમ ચુકવી અમારા અસીલ જોગ પાકો રજીસ્ટર દસ્તાવેજ નોંધાવી લેશે અને મુદત વિત્યે કોઇપણનો વાંધો તકરાર, હિત, હિસ્સો ઉત્પન્ન થશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જે આ નોટીસ આપી જાહેર જનતા અને લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે.

સ્થળ : ધારી
તારીખ : ૧૮-૦૯-૨૦૨૪

અસીલની સુચનાથી
ભાવિકકુમાર વી.ઉનાગર - એડવોકેટ
મો.૯૦૯૯૬ ૦૯૦૯૦

પત્ર વ્યવહારનું સરનામું : ''આલોક એસોસીએટ'', આદર્શ કોમ્પલેક્ષ, દુકાન નં.જી-૭, લોહાણા મહાજન વાડી સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.ધારી, જી.અમરેલી

## ખેતીની જમીનનો અસલ વેંચાણ દસ્તાવેજ ખોવાયા અંગેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર શ્રી એસ. એસ. જામ, એડવોકેટ એન્ડ નોટરી, રહે. ધારી, તા. ધારી, જી. અમરેલીનાં તે અમારા અસીલશ્રી દુદાભાઈ દેવરાજભાઈ ઠુમ્મર, રહે. જીરા, તા. ધારી, જી. અમરેલીવાળા, તરફથી મળેલ સુચના અને ફરમાઈશથી આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ આપી જાણ કરીએ છીએ કે,

અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાનાં જીરા ગામની ખેતીની જમીન સર્વે નં.૮/૧ પૈકી એકર ૭-૨૪ ગુંઠા આકાર રૂા. ૯-૦૦ વાળી જમીન પૈકી વિઘા ૧૦-૦૦ જેના એકર ૫-૩૫ ગુંઠા હેકટર ૨.૩૭.૭૫ આકાર રૂા. ૬-૮૦ વાળી જમીન ધારી સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલા દસ્તાવેજ અનુ.નં. ૩૯૧/૧૯૬૭ તા. ૧૫-૦૬-૧૯૬૭ નાં રોજ નોંધાયેલા દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે જમીનનો અસલ વેંચાણ દસ્તાવેજ અમારા અસીલની શરતચુકનાં કારણે ખોવાય ગયેલ છે. જો કોઈ વ્યકિતને ગુમ થયેલ અસલ દસ્તાવેજ મળી આવેલ હોય તો નીચેનાં સરનામે અમોને અગર તો અમારા અસીલને પહોંચતો કરવા વિનંતી કરવામાં આવે છે.

અમારા અસીલની માલીકીની ઉપરોકત વિગતેની ખેતીની જમીનનો ગુમ થયેલ અસલ વેંચાણ દસ્તાવેજનો કોઈપણ વ્યકિત ધ્વારા બિનઅધિકૃત રીતે કોઈપણ પ્રકારે કાંઈપણ ગેરઉપયોગ કરવામાં આવ્યેથી તેઓ વિરૂધ્ધ અમારા અસીલ કાયદેસરની ધોરણસર કાર્યવાહી કરવામાં આવશે જેની પણ જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

ધારી, તા.૨૧-૦૯-૨૦૨૪
પત્ર વ્યવહારનું સરનામુ :-
શ્રી એસ.એસ.જામ (એડવોકેટ & નોટરી)
ઠે.યોગીનગર, મુ.ધારી, તા.ધારી, જી.અમરેલી.
મો.નં.૯૩૨૭૦ ૨૭૧૮૬

તે અમારા અસીલની સુચનાથી...
એસ.એસ.જામ
એડવોકેટ & નોટરી - ધારી

જાહેર નિવિદા નં.૬ સને.૨૦૨૪-૨૫

## ઝેરોક્ષકામ અંગેના ભાવો

(૧) કોરા ટેન્ડર ઇસ્યુ કરવાની છેલ્લી તારીખ:૨૫/૦૯/૨૪.
(૨)ભાવપત્રક ભરીને રજીસ્ટર પોસ્ટ કરવાની છેલ્લી તા.૨૮/૦૯/૨૪.
(૩) ભાવ પત્રકની ફી રૂ.૨૦૦/-.
(૪)બાનાની રકમ રૂ.૫૦૦૦/-ની એફ.ડી.આર.કોઇપણ શેડયુલ બેકની
(૫) આ કામની વિગતવાર જાહેર નિવિદાની નોટીસ નાયબ કાર્યપાલક ઇજનેર,સિંચાઈ પેટાવિભાગ નં.૪,ખોડીયાર ડેમ સાઈટ,આંબરડી સફારી પાર્કની બાજુમાં,ધારી-૩૬૫૬૪૦ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. આ કામે વધુ વિગતો માટે કામકાજના દિવસો દરમ્યાન કચેરીનો સંપર્ક સાધવાની મળી શકશે.

જિમાહિ/અમરે/૨૯૯/૨૪

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫૬/૨૦૨૪
અરજદાર :- શ્રી ગુજરીયા સોમાતભાઈ બાલુભાઈ રહે.પટવા,તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી પટવા ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પટવા ગામના શ્રી ગુજરીયા સોમાતભાઈ બાલુભાઈએ તેમના માતુશ્રી સ્વ.શ્રી મોંઘીબેન બાલુભાઈ ગુજરીયાનું અવસાન તા.૧૭-૦૨-૨૦૦૭ ના રોજ પટવા મુકામે મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પ્રવિણભાઈ આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧-૦૯-૨૦૨૪

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫૭/૨૦૨૪
અરજદાર :- શ્રી નથુભાઈ વેલાભાઈ ગુજરીયા રહે.પટવા,તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી પટવા ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના પટવા ગામના શ્રી નથુભાઈ વેલાભાઈ ગુજરીયાએ તેમના પિતા સ્વ.શ્રી વેલાભાઈ બાલુભાઈ ગુજરીયાનું અવસાન તા.૧૯-૦૮-૧૯૮૯ ના રોજ પટવા મુકામે મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પ્રવિણભાઈ આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧-૦૯-૨૦૨૪

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫૮/૨૦૨૪
અરજદાર :- શ્રી મકવાણા રૂખડભાઈ કાળુભાઈ રહે.સમઢીયાળા-૧,તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી સમઢીયાળા-૧ ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના સમઢીયાળા-૧ ગામના શ્રી મકવાણા રૂખડભાઈ કાળુભાઈએ તેમના પુત્રી શ્રી ચકુબેન રૂખડભાઈ મકવાણાનો જન્મ તા.૨૫-૦૬-૧૯૯૫ ના રોજ સમઢીયાળા-૧ મુકામે જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પ્રવિણભાઈ આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧-૦૯-૨૦૨૪

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૭૫/૨૦૨૪
અરજદાર :- શ્રી ગુજરીયા સાતાભાઈ દેસુરભાઈ રહે.ખેરા,તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ખેરા ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા ગામના શ્રી ગુજરીયા સાતાભાઈ દેસુરભાઈના પિતાશ્રી ગુજરીયા દેસુરભાઈ રાઘવભાઈનું મરણ તા.૦૨-૦૮-૨૦૧૮ ના રોજ ખેરા મુકામે મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પ્રવિણભાઈ આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૭-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૭-૦૮-૨૦૨૪

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા


## રાજુલામાં ગુનો કરવાના ઈરાદે રખડતા ભટકતા બે ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) રાજુલા હિંડોરણા પોસિલ ચોકી પાસે કડીયાળી ગામના કેશુ સામંતભાઈ બારૈયા તથા રાજુલા છતડીયા રોડ પર માર્કેટીંગ યાર્ડ પાસે મહેશ ગભરૂભાઈ સોલંકી રાત્રિના કોઈ મિલકત વિરુધ્ધનો ગુનો કરવાના ઈરાદે રખડતા ભટકતા શંકમંદ હાલતમાં પોલિસે ઝડપી પાડયા હતા.

## બાબરાની વલારડીની સીમમાં જુગાર રમતા ૬ ઝડપાયા

અમરેલી,એલ.સી.બી. ટીમ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે બાબરા તાલુકાના વલારડી ગામની તળાવી તરીકે ઓળખાતી સીમ વિસ્તારમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા છ ઇસમોને જુગાર રમતા રોકડ રકમ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ રાજેન્દ્રભાઈ હિરાલાલભાઈ જોષી, ભીમજીભાઈ નાગજીભાઈ કાવઠીયા, રણછોડભાઈ વશરામભાઈ કુકડીયા, હિંમતભાઈ ધનજીભાઈ રાઠોડ, મયુરભાઈ હરસુરભાઈ ડેર, રાજેશભાઈ મોહનભાઈ રાઠોડ તથા મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# દામનગરમાં સગીરાનું અપહરણ કરાયું

## દામનગર પોલીસ મથકમાં સગીરાના પિતાએ ફરીયાદ નોંધાવી

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)દામનગરમાં રહેતી સગીરાનું કોઈ અજાણ્યો શખ્સ વાલીપણામાંથી લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયાની સગીરાના પિતાએ દામનગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૩૨/૨૦૨૪
અરજદાર :- શ્રી બારૈયા ગોબરભાઈ મંગાભાઈ રહે.છતડીયા,તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી છતડીયા ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના છતડીયા ગામના શ્રી બારૈયા ગોબરભાઈ મંગાભાઈએ તેમના સંતાન નામે યુવરાજ ગોબરભાઈ બારૈયાનો જન્મ તા.૦૫-૦૯-૨૦૦૬ ના રોજ છતડીયા મુકામે જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પી.આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૨૯-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૨૯-૦૮-૨૦૨૪

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૬૨/૨૦૨૪
અરજદાર :- શ્રી નિલાબેન પ્રતાપભાઈ ઈચારે રહે.રાજુલા,જી.અમરેલી
વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી નિલાબેન પ્રતાપભાઈ ઈચારેના સસરા સ્વ.શ્રી રામરાવ સરજેરાવ ઈચારેનું મરણ તા.૦૩-૦૫-૧૯૮૪ તથા સાસુ સ્વ. શ્રી ચંદ્રાબેન રામરાવ ઈચારેનું મરણ તા.૧૦-૦૯-૧૯૮૯ ના રોજ રાજુલા મુકામે મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી હાર્દિકભાઈ બી.ભટ્ટ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૭-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૭-૦૮-૨૦૨૪

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## -:: જાહેર હરરાજી ::-

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતી અમરેલી સંચાલિત પ્રાથમિક શાળાના જુના બિલ્ડીંગ પાડવા તથા ઇમલાની હરરાજી (બીજો પ્રયત્ન)**

આથી રસ ધરાવતા તમામ ઇસમોને જાણ કરવામાં આવે છે,કે નગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત બહારપરા કુમારશાળા (કુંડલા રોડ ઉપર)અને ભોજલપરા પ્રા.શાળા (જૂનું બિલ્ડીંગ) પાડવા તથા તેના ઇમલાની જાહેર હરરાજી તારીખ:-૨૬/૯/૨૪ને ગુરુવાર સમય બપોરે ૧૨:૦૦ કલાકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કચેરીના સભાખંડ,હરીરોડ કન્યાશાળા-૧, અમરેલી મુકામે રાખેલ છે.

બન્ને શાળાની ઉપર દર્શાવેલ શાળાએ સાઇટ જોઈ રસ ધરાવતા ઇસમોએ હરરાજીમાં ભાગ લેવા માટે ડિપોઝીટ પેટે રૂ.૫૦,૦૦૦-અંકે પચાસ હજાર પૂરા (રિફંડેબલ)અગાઉ જમા કરાવવાના રહેશે,જેની પહોચ મેળવી હરરાજીમાં ભાગ લઈ શકશે.ભાવ મંજૂર થયે ૨૫% રકમ સ્થળ પર જ ભરવાની રહેશે.જ્યારે બાકીની શરતો-બોલીઓ તથા અપસેટ કિંમત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કચેરીના સભાખંડ,હરીરોડ કન્યાશાળા-૧,અમરેલીમાં રજા સિવાયના સમય ૧૧ થી ૫ સુધીમાં રૂબરૂ અથવા ફોન દ્વારા જાણી શકાશે (૦૨૭૯૨ ૨૨૨૦૧૭) ,તમામ રસ ધરાવતા ઇસમોએ જાણમાં લેવા જણાવવામાં આવે છે.

નોંધ : હરરાજીમાં ભાગ લેનાર તમામ ઇસમોએ આધારકાર્ડની ઝેરોક્ષ ફરજીયાત લાવવાની રહેશે.

(એ.એચ.જોષી) શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતી - અમરેલી
(તુષાર જોષી) ચેરમેન





# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૪૨ થી ૧૬૪૫ મગફળી ૭૦૧ થી ૧૧૨૫

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-
શિંગમોટી-૭૦૧-૧૧૨૫
શીંગફાડા-૧૧૨૫-૧૩૦૦
તલસફેદ-૧૮૪૦-૨૭૧૫
તલકાળા-૨૮૦૦-૩૮૭૧
બાજરો-૪૨૮-૪૮૦
ઘઉંટુકડા-૫૨૬-૬૧૫
ઘઉંલોકવન-૫૦૫-૬૦૧
તલકાશમીરી-૩૩૫૦-૩૩૭૫
ચણા-૧૧૭૨-૧૫૪૯
કપાસ-૮૪૨-૧૬૪૫
જુવાર-૨૫૦-૭૫૧
ધાણા-૧૧૮૫-૧૩૦૦
એરંડા-૧૦૦૦-૧૨૦૩
સોયાબીન-૭૦૦-૮૮૫
અડદ-૧૦૫૦-૧૬૫૦
મગ-૧૨૭૦-૧૯૨૫
જીરૂ-૪૪૯૫-૪૬૬૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૦૦
રીંગણા-૭૦૦-૯૦૦
ફલાવર-૫૦૦-૬૦૦
કોબીઝ-૩૨૦-૪૦૦
ટમેટાં-૮૫૦-૯૫૦
ફોદીનો-૭૫૦-૯૭૦
ગાજર-૫૦૦-૬૦૦
ગલકા-૩૦૦-૪૦૦
કાકડી-૪૦૦-૫૩૦
ગુવાર-૮૦૦-૧૩૦૦
દુધી-૨૦૦-૩૦૦
તુરીયા-૪૩૦-૫૨૦
ભીડો-૨૨૦-૩૩૦
આદુ-૮૫૦-૯૨૦
કોથમીર-૨૦૦૦-૨૫૦૦
મેથીભાજી-૨૦૦૦-૨૨૦૦
ટીંડોરા-૯૨૦-૧૦૩૦
લીમડોમીઠો-૮૦-૧૦૦
મરચાલીલા-૫૦૦-૯૦૦
મુળા-૪૫૦-૫૭૦
લીંબુ-૧૫૦૦-૧૯૫૦
પાલક-૯૫૦-૧૧૮૦

**રાજુલાયાર્ડ**
બાજરો-
ચણા-
ઘઉં-
જુવાર-
તુવેર-
તલસફેદ-
જીરૂ-
રાય-
સોયાબીન-
શીંગદાણા-

**મહુવાયાર્ડ**
ઘઉં-
ડુંગળીલાલ-
ચણા-
તલસફેદ-
ચોળી-
મઠ-
તલકાળા-
ડુંગળીસફેદ-
નાળીયેર-
બાજરી-
જુવાર-
મગ-

**બાબરા**
કપાસ-૧૪૩૨-૧૬૭૮
ઘઉં-૫૧૦-૫૩૦
મગ-૧૩૧૦-૧૮૩૦
જીરૂ-૩૯૮૦-૪૭૧૦
અડદ-૧૨૯૦-૧૩૭૦
તલસફેદ-૨૨૯૦-૨૫૮૦
જુવાર-૫૦૦-૫૫૦

**ધારી**
કપાસ-૧૧૮૧-૧૫૫૦
બાજરો-
જુવાર-
અજમા-૧૭૧૦-૧૭૧૦
ચણા-
ઘઉં-૫૧૧-૫૧૧
જીરૂ-૩૭૦૦-૩૭૦૦
તુવેર-
શીંગફાડા-
સોયાબીન-
મગફળી-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગનવી-૮૦૦૦-૧૧૫૬
શીંગજીણી-૮૦૦-૧૧૫૧
જીરૂ-૩૬૬૦-૪૪૮૦
તલસફેદ-૨૧૦૦-૨૭૦૦
કપાસ-૧૩૫૦-૧૬૬૭
ઘઉંલોકવન-૪૮૨-૬૦૧
જુવાર-૭૦૭-૮૦૫
ઘઉંટુકડા-૫૩૯-૫૮૬
ચણા-૧૨૧૪-૧૪૦૦
સોયાબીન-૮૫૦-૮૮૦
મગ-૧૪૧૧
બાજરો-૪૭૨-૫૧૨
તુવેર-૧૭૧૭

**ખાંભા**
કપાસ-૧૧૦૧-૧૩૪૩
જુવારસફેદ-
તલસફેદ-
ઘઉં-
મગફળી-
ચણા-૯૦૦-૯૦૦
સોયાબીન-
બગસરા
કપાસ-૧૧૦૦-૧૫૭૦
એરંડી-
મગફળી-૮૫૦-૮૫૦
ધાણા-૧૨૦૦-૧૨૦૦
તલસફેદ-૨૩૭૦-૨૫૦૦
ઘઉંટુકડા-૫૫૦-૫૫૫
ઘઉંલોકવન-૫૦૭-૫૨૫
શીંગદાણા-૧૦૩૫-૧૦૩૫
ચણાસફેદ-૮૦૦-૧૨૧૫
ચણા-૧૧૧૫-૧૨૯૦
સોયાબીન-૮૬૩-૮૬૩
તુવેર-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૨૦૦
દાડમ-૧૯૦૦-૩૦૦૦
મુસંબી-૪૦૦-૭૦૦
સંતરા-૨૭૦૦-૩૦૦૦
કીવી-૬૦૦૦-૭૨૦૦
ડ્રેગન ફ્રુટ-૨૫૦૦-૩૦૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
જામફળ-૧૪૦૦-૧૬૦૦
કેળા-૪૨૦-૫૪૦
પોપૈયા-૬૦૦-૧૦૦૦
તડબુચ-૧૨૦-૨૫૦
સફરજન હિમાચલ-૮૦૦-૧૯૦૦

## અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૪.૦
ન્યુનતમ તાપમાન ૨૪.૪
ભેજનું પ્રમાણ ૮૨
પવનની ગતિ સરેરાશ ૫.૧

### રાજમહેલનું રિનોવેશન જુના જમાનાની ચણતરની વસ્તુઓથી થશે : સિમેન્ટ નહીં વપરાય

# ગાયકવાડી રાજમહેલનાં રિનોવેશનનો શુભારંભ કરતા મુખ્યમંત્રી

### શહેરની ધરોહર રાજમહેલ ખાતે શહેરનાં તબીબો, વકિલોનું અભિવાદન જીલતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે સવાંદ કર્યો







અમરેલી,અમરેલીવાસીઓને ઐતિહાસિક ભેટ આપતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલેઅમરેલીખાતેઐતિહાસિક રાજમહેલ (પેલેસ ફ અમરેલી)ના પુનઃ નિર્માણ કાર્યનું કર્યું હતું. ગાયકવાડી કાળની આ ઐતિહાસિક ઈમારતનું આશરે રુ.૨૫ કરોડના ખર્ચે પરંપરાગત પદ્ધતિથી નવીનીકરણ કરવામાં આવશે. અમરેલી જિલ્લાના લોકોને રુ.૨૯૨ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે અમરેલી પધાર્યા છે. અમરેલી શહેર મધ્ય આવેલો ઐતિહાસિક રાજમહેલ હાલ જર્જરિત સ્થિતિમાં છે ત્યારે, 'વારસાના વિકાસ'ને વેગ આપતા શ્રી ભૂપેન્દ્રભાઈએ આ ઈમારતના નવીનીકરણના કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો.અમરેલીના રાજમહેલ ખાતે પધાર્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સૌથી પહેલા પ્રજાજનોને મળવા પહોંચ્યા હતા. સ્થાનિક વકીલો, ડોકટરશ્રીઓ તેમજ નાગરિકોનું અભિવાદન ઝીલતા મુખ્યમંત્રીશ્રીએ તેમની સાથે વાતચીત કરી હતી.રાજમહેલ ખાતે તકતી અનાવરણ કર્યા બાદ પરિસરમાં પ્રદર્શનને ઝીણવટપૂર્વક નિહાળીને તેમણે ઈમારતના વારસાની વિગતો મેળવી હતી. આ સાથે ઈમારતનું નવીનીકરણ જે પરંપરાગત પદ્ધતિથી થવાનું છે તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી. આ તકે સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, વિધાનસભાના દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય સર્વ શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જે.વી. કાકડીયા, શ્રી જનકભાઈ તળાવીયા, જિલ્લા કલેકટર શ્રી અજય દહિયા, જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, નાયબ કલેક્ટર સુશ્રી પૂજા જોટાણીયા વગેરે જોડાયા હતા.નોંધનીય છે કે, વડોદરાના રાજા ગાયકવાડના સમયનો આ મહેલ ૧૩૨ વર્ષ જૂનો છે. સન ૧૮૯૨માં તેનું બાંધકામ કરવામાં આવ્યું હતું. બે માળની આ ઈમારતમાં એક માળની સરેરાશ ઊંચાઈ આશરે ૧૦થી ૧૨ મીટર જેટલી રજવાડી કાળમાં અહીં 'લોક-દરબાર' ભરાતો હતો અને લોકોને ન્યાય આપવાની કામગીરી થતી હતી. દેશ આઝાદ થયા પછી સન ૧૯૪૮થી લઈને ૨૦૧૨ સુધી આ ઈમારતમાં જિલ્લા સેવાસદન એટલે કે કલેક્ટર કચેરી કાર્યરત હતી. આ ઈમારતના પ્રાંગણમાં મહારાજા સયાજીરાવ ત્રીજા સર શ્રીમંત ગોપાલરાવ ગાયકવાડની કાંસ્યની પ્રતિમા મૂકવામાં આવી છે.અમરેલીના ઐતિહાસિક વારસાના પુનઃસ્થાપનના હેતુસર ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા 'અમરેલી શહેરમાં આવેલા રાજમહેલના સંરક્ષણ અને વિકાસની કામગીરી' શરુ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે રુ.૨૫.૦૦ કરોડની મંજૂરી આપી છે. નવીનીકરણ બાદ અમરેલીનો આ ભવ્ય વારસો નવજીવન પામશે. આ ઈમારતનું નવીનીકરણ પણ વિશેષ રીતે કરવામાં આવશે. ઈમારતમાં અંદર બહારના ભાગમાં ડ્રાય-ક્લીનીંગ, છતનું વોટર-પ્રૂફીંગ, ચૂનાના પથ્થરના ઉપયોગથી હયાત ઈમારતનું મજબૂતીકરણ, પ્લાસ્ટરની મદદથી હયાત ઈમારતનું રિપેરીંગ, ઈમારતના રાત્રિ સુશોભન માટે લાઈટીંગ, લાકડાના છત, હેરિટેજ હોટેલમાં તબદીલ, પાર્કિંગની સુવિધા, ગાર્ડન એરિયા, હેરિટેજ લાકડાની સીડીનું રિપેરિંગ, લાકડાના બારી-દરવાજા, ઝરુખાના રિપેરીંગની કામગીરીનો સમાવેશ થાય છે. આ ઈમારતના નવીનીકરણમાં સિમેન્ટના બદલે ડોલોમાઈટ, ચિરોડી, અડદ દાળ, ચૂનો, પથ્થરનો ભૂકો, સુરખી પાવડર, ગુંદ, શંખજીરુ, લીમસીડ એસિડ, ગોળ વગેરેનો ઉપયોગ થશે.

## રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું દુધાળા લાઠી હેલિપેડ પર ઉષ્માભર્યુ સ્વાગત

### શ્રી જનકભાઈ તળાવિયા, પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા અને ધોળકીયા પરિવારની ઉપસ્થિતિ



અમરેલી, અમરેલી એસ.ટી.બસ સ્ટેશન ખાતે નવીન અદ્યતન સુવિધાસભર બસપોર્ટના લોકાર્પણ, સ્પોર્ટસ કોમ્પલેક્સ અને રાજમહેલ નવીનીકરણ સહિત જિલ્લામાં રાજ્યના વિવિધ વિભાગના રુ. ૨૯૨ કરોડના ૭૭ વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પધારેલા રાજ્યના મક્કમ અને સરળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું લાઠી તાલુકાના દુધાળા હેલિપેડ પર ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. અમરેલી હેલિપેડ પર લાઠી બાબરાના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા, પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા, ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી ગૌતમ પરમાર,જિલ્લા કલેકટર શ્રી અજય દહિયા, જિલ્લા પોલીસ વડા શ્રી હિમકર સિંઘ, ધોળકિયા પરિવારના સદસ્યો, મહાનુભાવો મહાનુભાવોએ મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ હતુ.

## ધારીમાં ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન



ધારી અમરેલી જિલ્લા કિસાન મોરચાના મહામંત્રી પરેશ પટ્ટણી દ્વારા માર્કેટિંગ યાર્ડ ધારી ખાતે સદસ્યતા અભિયાન ચલાવતા કાર્યકરો તસ્વીરમાં નજરે પડે છે.

## રાજુલામાં રેલ્વે સ્ટેશન પાસે યુવાન ઉપર હુમલો કરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)રાજુલા કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા કમલેશભાઈ નરેશભાઈ વાણવી ઉ.વ. ૨૫ પોતાનું બાઈક લઈ રેલ્વે સ્ટેશન પાસે ચાની દુકાને ચા પીવા માટે ગયેલ હોય. તે વખતે અમીત ધીરૂભાઈ ચુડાસમા કમલેશભાઈની બાજુમાંથી ચાલી ભટકાયેલ હોય. જેથી તેને સમજાવવા જતા તેની સાથે માથાકુટ કરેલ. અને તેવામાં પુજાબેન અમીતભાઈ ચુડાસમા અને એક અજાણ્યો શખ્સ આવી ગાળો બોલી અમીત અને પુજાબેને ઝપાઝપી કરી કમલેશભાઈને પછાડી દઈ ડાબા નેણ ઉપર મુંઢ ઈજા કરી આડેધડ ઢીકાપાટુંનો મુંઢમાર મારી પુજાબેને હાથમાં પથ્થર લઈ માથામાં પાછળના ભાગે મારી એકબીજાએ મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી જિલ્લામાં નાના ટ્રેકટર ઉત્પાદકોને પ્રોત્સાહિત કરતાં શ્રી અશ્વિન સાવલીયા

### કૃષિ અને ગ્રામીણ વિકાસ પરિષદ દ્વારા ટ્રેકટરોનું ઉત્પાદન



અમરેલી,અમરેલી જીલ્લામાં ખેડૂતો માટે મોટા પાયે નાના ટ્રેકટરોનું ઉત્પાદન કરવામાં આવે છે, આ નાના ટ્રેક્ટર તરીકે ઓળખાય છે.આત્મનિર્ભર ભારતના નિર્માણના સંકલ્પને સાકાર કરવા માટે સંકલ્પબદ્ધ સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા સાનેડો ઉત્પાદન એકમની મુલાકાત લીધી અને કૃષિ અને ગ્રામીણ વિકાસ પરિષદ દ્વારા આ કાર્ય સાથે સંકળાયેલા દરેકને પ્રોત્સાહિત કર્યા.અમર ડેરીના પ્રમુખ અશ્વિનભાઈ સાવલીયા, પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હિરપરા, જિલ્લા ખરીદ વેચાણ પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયેશભાઈ નાકરાણી ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી મોદીના જન્મદિને શુભકામના પાઠવતાં ધારાસભ્યશ્રી કસવાલા

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને દિર્ઘ આયુષ્ય પ્રદાન કરે તેવી શુભકામના પાઠવી



સાવરકુંડલા, વિશ્વમાં ભારતનું ગૌરવ વધારનારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આજે તેમના જન્મદિવસે મળવાનો અદભૂત અવસર પ્રાપ્ત થયો. મોદીજી જનહિતના વિકાસપથ પર આગળ વધી ભારતને વિશ્વગુરુના સ્થાને બિરાજમાન કરાવે તેવી અભ્યર્થના અને ઈશ્વર આપને સ્વસ્થ-દીર્ઘ આયુષ્ય પ્રદાન કરે તેવી શુભકામના ઓસાવરકુંડલાના ધારાસભ્યશ્રી મહેશ કસ્વાલા પાઠવી હતી તેમણે જણાવેલ કે દેશ માટે જીવવાની, દેશ માટે ઝઝૂમવાની અને દેશ માટે જીવ ખપાવી દેવાની પ્રતિબદ્ધતા ધરાવતા રાષ્ટ્રભક્ત શ્રી Narendra Modi ને શત શત નમન.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપનીની વાર્ષિક સભા સંપન્ન



રાજકોટ, દૂધ ઉત્પાદકોની પોતાની સંસ્થા માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડની તેરમી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૦મી સપ્ટેમ્બરને શુક્રવારના રોજ સયાજીહોટલ, કાલાવડરોડ, રાજકોટખાતે યોજાઈ હતી. વિશાળ દૂધ ઉત્પાદકોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના ચેરમેન શ્રી વિજયભાઈ ઓડેદરાએ ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સંસ્થાએ સાધેલા વિકાસની રૂપરેખા રજુ કરી હતી. જ્યારે સંસ્થાના મુખ્ય કાર્યપાલક ડો. સંજય ગોવાણીએ વર્ષ દરમિયાન સંસ્થાએ કરેલા કાર્યોની વિગત આપી હતી. માહી ડેરીએ ગત વર્ષ દરમિયાન કુલ રૂપિયા ૧૯૬૮ કરોડની આવક નોંધાવી છે જ્યારે રૂપિયા ૨૧.૫૧ કરોડનો નફો નોંધાવ્યો છે. સંસ્થાએ તેના સભાસદોને ૯ ટકા ડિવિડન્ડ જાહેર કર્યુ છે. જે સંસ્થાની દૂધ ઉત્પાદક સભ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### ગીર સોમનાથમાં પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના અંતર્ગત મિટિંગ યોજાઈ

ગીર સોમનાથ, જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને ઈણાજ ખાતે પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના અંતર્ગત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કોડિનાર તાલુકાના કરેડા અને બોડવા તેમજ વેરાવળ તાલુકાના ઈણાજ અને નવાપરાને પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના દ્વારા વિશેષ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના દ્વારા રસ્તા, પાણી અને સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય અને પોષણ વગેરે સુવિધાઓ દ્વારા ગામોનો વિકાસ થાય અને વિશેષ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી આ ગામોને આદર્શ ગ્રામ તરીકે વિકસાવવાની કામગીરી થાય તે દિશામાં ઉપસ્થિત સર્વે અધિકારીશ્રીઓને સૂચનો આપ્યાં હતાં.ઉલ્લેખનીય છે કે, અનુસૂચિત જાતિના વિસ્તારોને લક્ષ્યમાં લઈ અને કેન્દ્ર સરકાર દ્વારા ૨૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જેમાં પ્રાથમિક શાળામાં કન્યા માટે શૌચાલય, મધ્યાહ્ન ભોજનના શેડ, સ્ટ્રીટલાઈટ, રોડ-રસ્તા બનાવવા, ઘન કચરાના નિકાલ માટેની વ્યવસ્થા, ભૌતિક સુવિધાઓથી આંગણવાડીને સજ્જ કરવી, ગંદા પાણીના નિકાલ માટે ગટર, પેવરબ્લોકના કામ સહિતના વિવિધ કામો અંગે ચર્ચા કરવામાં આવી હતી.આ મિટિંગમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછાર, નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી નાગાજણ તરખાલા, વેરાવળ-કોડિનારના તાલુકા વિકાસ અધિકારીશ્રી, વિવિધ ગામોના સરપંચશ્રી ઉપસ્થિત રહ્યાં હતાં.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ વેસ્ટ મેનેજમેન્ટના પાઠ ભણ્યા

#### ભૂલકાઓએ 'વેસ્ટ ટુ વેલ્થ'ની થીમ હેઠળ પેપરબેગ તૈયારી કરી

ભુજ,જિલ્લામાં સ્વચ્છતા હી સેવા કેમ્પેઈનની શરૂઆત કરવામાં આવી છે. સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતાની થીમ સાથે વિવિધ સ્થળોએ સ્વચ્છતાની કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે આજરોજ કચ્છ જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓને 'વેસ્ટ ટુ વેલ્થ' ની થીમ સાથે બાળકોને પેપરબેગ બનાવતા શીખવવામાં આવ્યું હતું તથા વેસ્ટ મેનેજમેન્ટ અંગે માહિતગાર કરાયા હતા. બાળકોમાં સ્વચ્છતાના સંસ્કાર કેળવાય અને આવનારી પેઢી પર્યાવરણના રક્ષણ સાથે સફાઈ પ્રત્યે જાગૃત બને હેતુથી શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. જિલ્લાના દરેક તાલુકાના વિવિધ ગામમાં આજરોજ વિદ્યાર્થીઓએ પેપરબેગ બનાવવાના પાઠ ભણ્યા હતા. જેમાં સામખિયાળી કુમાર શાળા, મોડસર, નાની ચિરઈ નંદગામ પ્રાથમિક શાળા, ભુજપર વગેરે શાળાના ભૂલકાઓએ વેસ્ટમાંથી બેસ્ટની પ્રવૃત્તિ કરીને સ્વચ્છતાનો સંદેશો પાઠવ્યો હતો.






## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેસ ગૌસ્વામી

### મહુવા એસટી ડેપોમાં વિદ્યાર્થીઓ દ્વારા ચક્કાજામ

મહુવા, હમારી'ના સૂત્રની ગુલબાંગો ફૂંકતું એસ.ટી. તંત્ર નિયમિત સંચાલનની અસલામતીનો છાશવારે અહેસાસ કરાવે છે. અચાનક જ રૂટ બંધ કરવા, ટ્રીપો કેન્સલ કરવી કે બસ મોડી દેડાવવાની સમસ્યા રોજીંદી બની ગઈ છે. તેવામાં મહુવા એસ.ટી. ડેપો ખાતે બસની અનિયમિતતા અને અચાનક ટ્રીપ કેન્સલ કરી દેવાના પ્રશ્ને વિદ્યાર્થીઓએ રોષે ભરાયા હતા અને હલ્લાબોલ-હંગામો કરી બસ આડે બેસી જઈ પૈડાંની સાથે બસ વ્યવહાર થંભાવી દીધો હતો. અમરેલી જિલ્લામાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે મહુવા અપડાઉન કરે છે. આ વિદ્યાર્થીઓ એસ.ટી. બસમાં અવર-જવર કરતા હોય, છેલ્લા ઘણાં સમયથી મહુવા-અમરેલી ડેપોની બસ અનિયમિત હોવાના કારણે વિદ્યાર્થીઓ સમયસર ઘરે પહોંચી શકતા ન હતા. આ બાબતે મહુવા ડેપો મેનેજરને એક અઠવાડિયાથી મૌખિક-લેખિત રજૂઆત કરવામાં આવી હોવા છતાં વિદ્યાર્થીઓના વ્યાજબી પ્રશ્નને ગણકારવામાં આવ્યો ન હતા. જેના કારણે વિદ્યાર્થીઓનો રોષ સાતમાં આસમાને પહોંચી ગયો હતો અને એસ.ટી.ના અધિકારીઓ 'ચમત્કાર વિના નમસ્કાર નહીં કરે' તેવું લાગતા આજે બુધવારે મહુવાથી વીજપડી સુધીના ગ્રામ્ય વિસ્તારના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ મહુવા ડેપોમાં હલ્લાબોલ કરી હંગામો મચાવ્યો હતો. ત્યારબાદ પોતાના વ્યાજબી પ્રશ્ન અને માંગણીને લઈ વિદ્યાર્થીઓએ બસના પૈડાં થંભાવી દેવા લાઈનસર બસની આડે બેસી ગયા હતા. જેના કારણે અન્ય રૂટોની બસ પણ ડેપો બહાર જઈ શકી ન હતા અને ડેપોમાં ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. વિદ્યાર્થીઓના હોબાળાના પગલે એસ.ટી. બસ વ્યવહાર ખોરવાઈ જતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને સમાધાનકારી વલણ અખત્યાર કરી હલ્લાબોલ કરી રહેલા વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જુનાગઢ એસઓજીએ સાંકળીધાર ચેક પોસ્ટ પાસેથી એકને મેફેડ્રોન ડ્રગસના જથ્થા સાથે ઝડપી લીધો

#### પોલીસે ડ્રગ્સનો જથ્થો, અલગ અલગ કંપનીના ત્રણ મોબાઇલ તથા રોકડ અને ફોરવ્હીલ મળી રૂપિયા ૧૧ લાખ ઉપરાંતનો મુદામાલ કબ્જે લીધો

જુનાગઢ, એસ.ઓ.જી. જૂનાગઢના પોલીસઈન્સ.શ્રીપી.કે.ચાવડા તથા પો.સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય એસ.ઓ.જીના પો.કોન્સ. રોહીતભાઈ રામકુભાઈ ધાધલનાઓને ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, 'નિમેશ રમેશભાઈ ફડદુ રહે.જુનાગઢ, હરિઓમનગર વાળો સફેદ કલરની ક્રિયા કાર નં.GJ11CQ-૪૦૦૭માં પ્રતિબંધિતિ નાર્કોટીક્સ ડ્રગ્સ લઈને રાજકોટ તરફથી નેશનલ હાઈવે થઈને જુનાગઢ તરફ આવનાર છે' જે બાતમી આધારે એસ.ઓ.જી. ટીમ દ્વારા સતત વોચ રાખવામાં આવેલ હતી. વોચમો હતા દરમ્યાન રાજકોટ તરફથી એક સફેદ કલરની કાર સાંકળીધાર ચેક પોસ્ટ તરફ આવતી જોવામાં આવતા સદર કાર બાતમી હકિકત વાળી જ હોવાની ખાત્રી થતા તુરંત જ કારને એસ.ઓ.જી. ટીમ દ્વારા કોર્ડન કરી તેમની ઝડતી કરતા સદરહુ શખ્સ પાસેથી મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ૬.૨૦ ગ્રામ કિ.રૂા.૬૨,૦૦૦/- તથા શંકાસ્પદ પદાર્થનો જથ્થો ૮.૬૩ ગ્રામ તથા અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૩ કિ.રૂ.૪૦,૦૦૦/-, રોકડા રૂ.૫૧૦/-, વજન કાંટો કિ.રૂા. ૨૦૦/-, કિયા કાર નં.GJ-11-CQ-૪૦૦૭ કિ.રૂા.૧૦,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૧૧,૦૨,૭૧૦/-નો મુદ્દામાલ મળી આવેલ જે મુદામાલ કબજે કરી જુનાગઢ તાલુકા પો.સ્ટે.માં એન.ડી.પી.એસ એકટ મુજબ ગુનો રજી. કરાવેલ છે. તેમજ આગળની તપાસ ચાલુ છે.




**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125


- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૧-૦૯-૨૦૨૪ શનિવાર





(બાબરાવાળા)
**આનંદ ક્લોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪





**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ



## ૧૦૮ ફુટ ઉંચો રાષ્ટ્ર ધ્વજ ફરકાવી ખુલ્લો મુકતાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

# રાજુલામાં ખાતમુહુર્ત-લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી

### ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી અને પુર્વ ધારાસભ્યશ્રી અંબરીશભાઇ ડેરના કાર્યાલયે મુખ્ય મંત્રીએ મુલાકાત લીધી

### જાફરાબાદમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહુર્ત કરતાં મુખ્યમંત્રીશ્રી પટેલ

### લોકાર્પણ અને ખાતમુહુર્ત કાર્યક્રમમાં ભાજપ આગેવાનો કાર્યકરોની ઉપસ્થિતિઃ ૩૫ વોર્ડના ખાતમુહુર્ત કરતાં મુખ્યમંત્રી



રાજુલા,(કનુભાઈ વરૂ)

રાજુલાજાફરાબાદનાવિવિધ વિકાસ કામોના ખાતમુરત તેમજ લોકાર્પણ પ્રસંગે આજરોજ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે હાજરી આપી હતી અને કાર્યક્રમમાં સંખ્યામાં આગેવાનો કાર્યકર્તાઓ રહ્યા હતા રાજુલા ખાતે આજે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનીઉપસ્થિતિમાંખાતમુર્હુતતેમજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં ૧. રાજુલા માર્કેટિંગ યાર્ડ સામે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનાસ્વખર્ચેશહીદ ચોક માં ૧૦૮ ફૂટ ઊંચા ત્રિરંગા નું લોકાર્પણ ૨. મારુતિ ધામ રાજુલા પાસે તળાવ નું ખાતમુર્હુત ૩. રાજુલા શહેર ના ૩૫ રોડ નુંખાતમુહૂર્ત ૪. રાજુલા નગરપાલિકામાં નલ સે જલ પ્રોજેક્ટ નું ખાતમુહૂર્ત ૫. જાફરાબાદ નગરપાલિકા ઓડિટોરિયમ નુંલોકાર્પણ ૬. જાફરાબાદ મુકામે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નુંખાતમુર્હુત આ તમામ વિકાસ કામોને આજે ખાતમુરત કરી અને અમુક કામોને લોકાર્પણ કરી અને ૧૦૮ ફૂટ ઊંચો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ફરકાવવામાં આવ્યો હતો.

ચાલુ ધારાસભ્ય અને પૂર્વ કોંગ્રેસી ધારાસભ્ય બંનેની ઓફિસમાં મુખ્યમંત્રી ગયા અહીં આ ખાતમુરત અને લોકાર્પણ કરીને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ માર્કેટિંગ યાર્ડ ની સામે આવેલી ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના કાર્યાલય પોંહચીયા અને ઓફિસની મુલાકાત લીધી હતી સાથોસાથ નીચે ઉતરીને બાજુમાં આવેલ પૂર્વ ધારાસભ્ય તાજેતરમાં ભાજપમાં જોડાયેલા અંબરીષ ડેર ની ઓફિસે પણ મુખ્યમંત્રી શુભેચ્છા મુલાકાત લીધી હતી ત્યારે ભાજપના હાલના ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્ય બંનેની ઓફિસે મુખ્યમંત્રી હાજરી આપી હતી. નવ વ્યક્તિઓની અટકાયત આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આવવાના હતા.

ત્યારે રાજુલા પોલીસ દ્વારા કોપર કંપનીનું આંદોલન ચલાવનાર તેમજ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના જેટલા વ્યક્તિઓની અટકાયત કરી અને પોલીસે ડિટેઈન કરી રાખ્યા હતા જેના કારણે મુખ્યમંત્રી આવે ત્યારે કોઈ વિરોધ ના કરી શકે તમામને મુખ્યમંત્રીની કાર્યક્રમ પૂર્ણ થયા બાદ છોડી મૂકવામાં આવ્યા હતા . આ નવ વ્યક્તિઓમાં જયદીપભાઈ ધાખડા કિરીટભાઈ પંડ્યા ભરતભાઈ બલદાણીયા ચેતનભાઈ વ્યાસ વિક્રમભાઈ ધાખડા રવિભાઈ ધાખડા હિતેશભાઈ સોલંકી કાળુભાઈ ભાઈ વાઘ જેરામભાઈ કાછડ સહિતનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં કૌશિકભાઈ વેકરીયા મહેશભાઈ કસવાળા જનકભાઈ તળાવિયા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર સહીત કાર્યકરો હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી જિલ્લાની મુલાકાતે

### શ્રીમતી આર.એમ. ઝવેરી હાઇસ્કુલ ખાતે સૂતરની આંટી અને પુષ્પગુચ્છ આપી વિદ્યાર્થીનીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરવામાં આવ્યું



અમરેલી, અમરેલીજિલ્લાના સાવરકુંડલા તાલુકાના થોરડી ગામ સ્થિત શ્રીમતી આર.એમ. ઝવેરી લોકવિદ્યામંદિર ખાતે સૂતરની આંટી, પુષ્પગુચ્છ રેંટિયો આપી વિદ્યાર્થીનીઓ, શાળા સંચાલકો તેમજ સમગ્ર શાળા તરફથી મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. લોક સેવા સંઘ દ્વારા સંચાલિત આર.એમ. ઝવેરી લોકવિદ્યા મંદિર તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૮થી કાર્યરત છે. અહીં ભણતર સાથે ગણતર અને ઘડતર થાય છે. અહીં અભ્યાસ કરતી દીકરીઓએ રાજ્યકક્ષા સુધી નામના મેળવી છે. અદ્યતન કમ્પ્યુટર લેબ, શહેરોથી ચડિયાતી આધુનિક પ્રયોગશાળા, સ્વચ્છતા ત્યાં પ્રભુતા અને ગાંધીવાદી વિચારોનું શાળામાં માર્ગદર્શન આપવામાં આવે છે. મહત્વનું છે કે, લોક સેવા સંઘ થોરડીમાં ગૃહઉદ્યોગ તાલીમ સેવા કેન્દ્ર અને કન્યા છાત્રાલય અને ગૌશાળા કાર્યરત છે. આ સંદર્ભે આર.એમ. ઝવેરી લોક વિદ્યા મંદિરના સંચાલક શ્રી કાંતિભાઈ દ્વારા ગ્રામીણ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ અભિવાદન કાર્યક્રમમાં સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા, અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ તેમજ શાળાઓના સંચાલકશ્રીઓ, શિક્ષકશ્રીઓ અને વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા નિર્મિત

# લાઠીના દેવળીયા થી ક્રાંકચ સુધી ગાગડીયા નદી પર જળસંચય કામગીરીનું હવાઇ નિરિક્ષણ કરતાં મુખ્યમંત્રી

### મુખ્યમંત્રીશ્રીએ જળસંચયના કામોને વેગ આપવા પરામર્શ કર્યો



લીલીયા,

લાઠીના દુધાળા ખાતે આવેલ હેતની હવેલી ખાતે આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે શુભેચ્છા મુલાકાત લીધી હતી. સૌપ્રથમ હેતની હવેલી નજીક આવેલ ટેબલ પોઈન્ટ પર મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું સ્વાગત ધોળકિયા નિર્માણ સ્કૂલના બાળકો દ્વારા તથા ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા દ્વારા કરવામાં આવેલ. આ દરમિયાન ગાગડિયા નદી પર રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા થઈ રહેલ કામગીરીની સમીક્ષા કરી પ્રભાવિત થયા હતા. આ મુલાકાત દરમિયાન પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, ધનજીભાઈ ધોળકિયા, તુલસીભાઈ ધોળકિયા સહિત અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા .ધોળકિયા ફાઉન્ડેશનના નીતિન સાવલિયા, કનક પટેલ સહિતના સભ્યોએ જહેમત ઉઠાવેલ. મુખ્યમંત્રી ની મુલાકાત દરમિયાન લાઠી, દુધાળા, અકાલા, સહીતના ગ્રામજનો ઉપસ્થિત રહેલ તેમ મનોજ જોશી ની અખબારી

## ગુજરાતમાં ફરી વરસાદનાં ઝાપટાની આગાહી

## નરેન્દ્ર મોદી વિચાર મંચ અમરેલી દ્વારા

# અમરેલીમાં શ્રીમોદીના જન્મદિનની ઉજવણી કરાઇ

### દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા અને સાંસદની ભરતભાઇ સુતરીયાની ખાસ ઉપસ્થિતિમાં જન્મદિનની ઉજવણી




અમરેલી, તા.૧૭સપ્ટેમ્બર૨૦૨૪નારોજ નરેન્દ્ર મોદી વિચાર મંચ અમરેલી દ્વારા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નાં જન્મદિવસની ઉજવણી મુક-બધીર શાળા ખાતે કરવામાંઆવી. આ તકે ગુજરાત સરકારના મુખ્ય નાયબ દંડક અને લોક લાડીલા ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયાની ખાસ ઉપસ્થિતિ રહી હતી. શાળાનાં બાળકો અને ઉપસ્થિત મહેમાનોએ કેક કાપી નરેન્દ્રભાઈ ના જન્મદિવસની ઉજવણી કરીહતી. આ શુભ અવસરે ૭૪ વર્ષ પુર્ણ થતાં ૭૪ મુક-બધીર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. લોક લાડીલા ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાએ આ મુકબધિર બાળકોની વચ્ચે જઈને તેમની સાથે હાથ મિલાવી ને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. મંચ પરિવારના મનિષભાઈ સિધ્ધપુરા, મનોજભાઈ વાળા, જયદીપભાઈ નાકરાણી, દિનેશભાઈ કનાડીયા, પ્રશાંત પરમાર, દીલીપભાઈ જાદવ, હાર્દિક ભટ્ટ, સહાદેવભાઈ મકવાણા , અજયભાઈ રાઠોડ, ધર્મેશ જોષી, મયુરભાઈ વગેરે એ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી તેમ યજ્ઞેશ કારેલીયા અને સચીન કવાની સંયુક્ત યાદીમા જણાવેલ છે.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**
જન્મ/મરણ અરજી નં.૫૬/૨૦૨૪
અરજદાર :- શ્રી દિલુભાઈ બચુભાઈ ડાવેરા રહે.નવી જીકાદ્રી,તા.જાફરાબાદ
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી નવી જીકાદ્રી ગ્રામ પંચાયત તા.જાફરાબાદ

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નવી જીકાદ્રી ગામના શ્રી દિલુભાઈ બચુભાઈ ડાવેરાએ તેમના મોટાબાપુ નામે સ્વ.શ્રી લખુભાઈ હરસુરભાઈ ડાવેરાનું મરણ તા.૧૫-૧૦-૧૯૬૨ ના રોજ નવી જીકાદ્રી મુકામે મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી રમેશ વી.ધાખડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૮-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : જાફરાબાદ
તા.૧૮-૦૯-૨૦૨૪
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**
જન્મ/મરણ અરજી નં.૩૪૭/૨૦૨૪
અરજદાર :- શ્રી ગુજરીયા નિર્મળભાઈ નાનુભાઈ રહે.ખેરા,તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ખેરા ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા ગામના શ્રી ગુજરીયા નિર્મળભાઈ નાનુભાઈએ તેમના પુત્રી શ્રી જાગુબેન નિર્મળભાઈ ગુજરીયાનો જન્મ તા.૦૫-૦૩-૨૦૧૭ ના રોજ ખેરા મુકામે જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પ્રવિણભાઈ આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૧૧-૦૯-૨૦૨૪
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**
જન્મ/મરણ અરજી નં.૩૭૬/૨૦૨૪
અરજદાર :- શ્રી શિયાળ વિષ્ણુભાઈ શામજીભાઈ રહે.ચાંચ,તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ચાંચ ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી શિયાળ વિષ્ણુભાઈ શામજીભાઈના પુત્રી શ્રી શિયાળ સોનલબેન વિષ્ણુભાઈનો જન્મ તા.૦૧-૦૬-૨૦૧૪ ના રોજ ચાંચ મુકામે જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પ્રવિણભાઈ આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૭-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૧૭-૦૮-૨૦૨૪
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**
જન્મ/મરણ અરજી નં.૨૯૮/૨૦૨૪
અરજદાર :- શ્રી આતાભાઈ દેવાણંદભાઈ રામ રહે.ભેરાઇ,તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ભેરાઈ ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા ગામના શ્રી આતાભાઈ દેવાણંદભાઈ રામએ તેમની પુત્રી નામે શ્રી રાજીબેન આતાભાઈ રામનો જન્મ તા.૦૧-૦૬-૧૯૯૫ ના રોજ ભેરાઈ મુકામે જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પ્રવિણભાઈ આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૨૯-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૨૯-૦૮-૨૦૨૪
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

